સુવિચાર
''ગમે તેટલા સારા માણસ માટે પણ ખરાબ બોલનાર મળી રહેવાનાં''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૮/૧૦/૨૦૨૬, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ આસો વદ-૩ વર્ષ : ૧૭ અંક : ૨૬૭

## રેડિયમ લાઈટ, સફેદ કલરનાં પટ્ટા જેવી નિશાનીઓ નેવે મુકીને

# વડિયામાં એક કિ.મી.માં ૭ સ્પીડ બ્રેકર લગાવાયા

**માર્ગ-મકાન વિભાગનાં કર્મચારીઓ સ્પીડ બ્રેકર બનાવવાનાં નિયમોને ઘોળીને પી ગયા**

**એક સ્પીડ બ્રેકર ઉપર અકસ્માતો વધતા મામલતદારે માનવતા દાખવી પટ્ટા મરાવ્યા**

**બિનજરૂરી સ્પીડ બ્રેકર હટાવીને નિયમ મુજબ સ્પીડ બ્રેકર બનાવવા માંગ**

**જનપ્રતિનિધિઓએ પણ સ્પીડ બ્રેકરને લઈને રજૂઆત કરવી જોઈએ**






વડિયા, તા. ૨૭

અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયામાં ઘણા વર્ષો પછી વડિયા બાંટવા દેવળી રોડનો કટકો બન્યો છે. ત્યારે વાહનો પૂરપાટ ઝડપે ચાલે તેને કારણે અકસ્માત ના થાય તે માટે રોડ બન્યા પછી થોડા સમય બાદ માર્ગ અને મકાન વિભાગ દ્વારા વડિયાના ડો. આંબેડકર ચોકથી પોલીસ કવાટર્સ સુધીમાં કુલ સાત જેટલા સ્પીડબ્રેકર બનાવવામાં આવ્યા છે. આ રોડમાં બસસ્ટેન્ડથી અમરેલી તરફના રોડ જે નેશનલ હાઈવેમાં આવે છે તેના પર બે સ્પીડ બ્રેકર અને બસસ્ટેન્ડથી અમરનગર તરફ જતા રોડ પર પાંચ સ્પીડ બ્રેકર બનાવવામાં આવ્યા છે. એક કિ.મી.માં જ સાત સ્પીડ બ્રેકર બનાવવામાં આવ્યા છે. તેમાં લગાવવાની રેડિયમ લાઈટો અને સફેદ કલરના પટ્ટાઓનો અભાવ હોવાથી આ સ્પીડ બ્રેકર લોકોને નજરે દેખાતા નથી તેને કારણે સ્પીડમાં આવતા વાહનો ત્યાં ઉંચી કુદની જેમ ઉંચા ઉડતા હોય અને તેમાં પાછળ બેઠેલા વ્યકિતઓ નીચે પટકાતા હોય તેવા દ્રષ્યો રોજ સામે આવે છે. ત્યારે માર્ગ અને મકાન વિભાગની ઘોર બેદરકારીના કારણે નિર્દોષ લોકો અકસ્માતનો ભોગ બનતા જોવા મળી રહ્યા છે સાથે વાહનોને નુકસાન થતુ જોવા મળી રહ્યું છે. ત્યારે આ સ્પીડ

અનુસંધાન પાના ૬ ઉપર

---

### હાર્ટ એટેકનાં બનાવોમાં ચિંતાજનક વધારો

# લીલીયા મોટાનાં ૨ આશાસ્પદ યુવકોનાં હાર્ટ એટેકથી મોત થતા શોકનો માહોલ

**૨ દિવસમાં ૨ મોતથી ગ્રામજનો શોકાતુર**




લીલીયા મોટા, તા. ૨૭

લીલીયા મોટા પંથકમાં છેલ્લા બે દિવસ દરમિયાન હાર્ટ એટેકના કારણે બે આશાસ્પદ યુવાનોના અચાનક મૃત્યુ થતાં સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી સાથે અરેરાટી ફેલાઈ છે. સારા સ્વભાવ અને લોકઉપયોગી વ્યક્તિત્વ ધરાવતા બંને વ્યક્તિઓના અકાળે અવસાનથી પરિવારજનો, મિત્રો અને પરિચિતોમાં ઘેરા શોકની લાગણી

અનુસંધાન પાના ૬ ઉપર

---

### ગીર સોમનાથ ખાતે રહેતા આરોપી દ્વારા

# અમરેલીનાં પારસ સ્ટીલનાં સંચાલક સાથે રૂપિયા ૧૫.૨૬ લાખની છેતરપીંડી

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૨૭

અમરેલીના એક વેપારીને ગીર સોમનાથ ખાતે રહેતા આરોપીએ યેનકેન પ્રકારે વિશ્વાસમાં લઈને તેમની પાસેથી ૨૪ ટન ટીએમટીના સળીયા જેની કિમત રૂપિયા ૧૫,૨૬,૭૪૬ ની ખરીદી કરી વેપારીને તે રકમ ચુકવી આપવા સારૂ સાચા ખોટા બહાના બતાવી રકમ નહી ચુકવી આપી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવમાં અમરેલી, મોટા કસ્બાવાડ, જુમા મસ્જીદ પાસે રાબીયા મંજીલમાં રહેતા અને અમરેલીના સાવર કુંડલા રોડ ઉપર કામનાથ સર્કલ પાસે પારસ સ્ટીલ વ્યવસાય કરતા હનીફભાઈ મજીદભાઈ કુંડલીયા નામના પર વર્ષીય આધેડ વેપારીને ગીર સોમનાથ ખાતે રહેતા આરોપી મહિમ્ના એન્ટરપ્રાઈઝના પ્રોપરાઈટ

અનુસંધાન પાના ૬ ઉપર

---

### બાકી બિલ અને મટિરિયલ્સ ટેસ્ટિંગના નાણા મંજુર કરવાના બદલામાં

# અમરેલીની સિંચાઈ કચેરીમાં રૂપિયા ૫૧ હજારની લાંચ લેતા ૨ કર્મચારીને એસીબીએ ઝડપી લીધા

**જુનિયર કલાર્ક રાકેશ ભટ્ટ, કરાર આધારિત પટ્ટાવાળા જયદીપ હરિયાણી ઝડપાયા**




અમરેલી તા. ૨૭

અમરેલીમાં આવેલ ભ્રષ્ટાચાર વિરૂધ્ધ એન્ટી કરપ્શન બ્યુરો (એસીબી) દ્વારા કાર્યવાહી હાથ ધરી સિંચાઈ વિભાગના બે કર્મચારીઓને રૂપિયા ૫૧ હજારની લાંચના છટકામાં ઝડપી પાડવામાં આવ્યા છે. અમરેલીના બહુમાળી ભવન ખાતે આવેલી સિંચાઈ કચેરીમાં જ એસીબીની ટીમે ગોઠવેલા છટકા દરમિયાન જુનિયર કલાર્ક તરીકે ફરજ બજાવતા કર્મચારીની માગણી મુજબ પટ્ટાવાળા મારફતે લાંચની રકમ સ્વીકારવામાં આવી હતી. એસીબીની આ કાર્યવાહીથી સરકારી કચેરીઓમાં લાંચખોરી આચરતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

આ બનાવમાં એસીબી વિભાગના સુત્રોમાંથી મળતી વિગત અનુસાર, આ કેસમાં એક જાગૃત નાગરિકને ગત વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન અમરેલીના સિંચાઈ વિભાગ તરફથી વિવિધ બાંધકામોનાં વર્ક ઓર્ડર મળ્યા હતા. વર્ક ઓર્ડર મુજબ કામગીરી પૂર્ણ કર્યા બાદ જાગૃત નાગરિકની કન્સ્ટ્રકશન કંપનીના ખાતામાં સિંચાઈ વિભાગની કચેરી તરફથી બિલનાં નાણાં જમા થયાં હતાં.જો કે, હજુ બાકી બિલોની રકમ તથા બાંધકામમાં વપરાયેલા મટિરિયલ્સના ટેસ્ટિંગ બિલનાં નાણાં મંજૂર કરવાનાં બાકી હતાં.

આ બાકી નાણાં મંજૂર કરવાના બદલામાં તથા કન્સ્ટ્રકશન કંપનીને અગાઉ ચૂકવવામાં આવેલી બિલની રકમના એક ટકા લેખે રૂપિયા ૫૧ હજારની લાંચની માગણી કરવામાં આવી હોવી હતી. જેને લઈ આ જાગૃત નાગરિક લાંચની રકમ આપવા

અનુસંધાન પાના ૬ ઉપર

---

### આર્થિક સંકડામણ અને માનસિક પરિસ્થિતિ વચ્ચે

# અરેરાટી : બગસરા અને સાવરકુંડલા પંથકનાં ૧-૧ યુવકોએ આત્મહત્યા કરી લીધી

**મોટા મુંજીયાસર અને વાંશિયાળી ગામનો બનાવ**

અમરેલી, તા. ૨૭

બગસરા તથા સાવરકુંડલા પંથકમાં બે અલગ અલગ બનાવમાં બે યુવકોએ અલગ અલગ કારણોસર આપઘાત કરી લીધાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

બગસરા તાલુકાનાં મોટા મુંજીયાસર ગામે રહેતા ધવલ ભનુભાઈ રાઠોડ નામના ૨૨ વર્ષીય યુવકને બગસરા હુડકો ખાતે રહેતી વસંતબેન કીશોરભાઈ ભારોલા સાથે આડા સબંધ હોય તેણી સાથે ગળા ડુબ પ્રેમ થઈ જતા તેણી અવારનવાર ધવલને તેની પાસે બોલાવતી હતી. અને તેણી સાથે પૈસાની લેતી દેતી પણ હોય જેના કારણે ધવલ ઉપર કર્જ થઈ જતા યુવકનાં મનમાં લાગી આવતા પોતે પોતાની મેળે પોતાના ઘરે ગત તા. ૨૫નાં રોજ બપોરે વાગ્યે દવા પી જતા યુવકનું સારવાર દરમ્યાન મોત નીપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

બીજા બનાવમાં સાવરકુંડલા તાલુકાનાં વાંશીયાળી ગામે રહેતા કિશનભાઈ ધીરૂભાઈ રાઠોડ નામના ૨૫ વર્ષીય રત્ન કલાકારની માનસીક સ્થિતી છેલ્લા એકાદ વર્ષથી સારી ન હોય અવાર નવાર આવેશમાં આવી ક્રોધીત થઈ જતા હોય જેથી ગત તા. ૨૫નાં રોજ સવારે આશરે ૧૧:૩૦ વાગ્યે વાંશીયાળી ગામે, મેવાસા રોડ ઉપર ભાગવી રાખેલ ખેતરમાં ગળાફાંસો ખાઈ લેતા તેમનું મોત નીપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

---

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શ્યામ ડાઈનીંગ હોલ (એ.સી.હોલ)
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે. બે પડવાળી સ્વામીનારાયણની રોટલી તો ખરીજ
The King of catering service
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો. ૯૬૮૭૦ ૪૭૨૯૫
સ્થળ એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી ૩૬૫૬૦૧, ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૫૫

Hero
ALL NEW HF. Deluxe
A PERFECT BLEND OF POWER, STYLE & MILEAGE
CASH DISCOUNT ₹3000

POWERED BY TRUST. BUILT FOR INDIA.
BOOK NOW
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Navnit Hero
Mo. +91 92899 22254

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS)
દિવસ માટે (લેડીઝ)
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com

નામ નોંધાવવા માટે
(૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૬૪૩૪
ડોક્ટર હાઉસ અમરેલી
કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D)
ડો. આર.ડી. ઘોડાસરા (M.S)
ડો. રૂચિતા જેઠવા (M.D)
ડો. દ્રષ્ટિ પંડયા (બીપીટી ફીઝીયોથેરાપીસ્ટ)
અનંતા હોસ્પિટલ, નિકોલ-અમદાવાદ-કાયમી કન્સલ્ટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ (ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ) મો. ૮૧૯૭૩ ૬૧૫૬૬
ડો. કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એન.બી. - ગાયનેક, ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ) મો. ૬૯૧૩૬ ૪૮૪૩૦

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવ્યું

# દિવાળીમાં રાત્રિનાં ૮ થી ૧૦ સુધી જ ફટાકડા ફોડી શકાશે

### નૂતનવર્ષનાં તહેવાર દરમિયાન રાત્રિનાં ૧૧:૫૫ થી ૧૨:૩૦ સુધી જ ફટાકડા ફોડી શકાશે

### હોસ્પિટલ, આરોગ્ય કેન્દ્રો, શૈક્ષણિક સંસ્થાઓ, ન્યાયાલય કે ધાર્મિક સ્થળોની ૧૦૦ મીટર ત્રિજ્યામાં ફટકડા ફોડી શકાશે નહી

### કોઈપણ પ્રકારનાં વિદેશી ફટાકડા રાખી શકાશે નહી અને વેચાણ પણ કરી નહી શકાય

### આગામી ૨૫ નવેમ્બર સુધી જાહેરનામું અમલમાં રહેશે : હુકમનો ભંગ કરનાર સામે કરાશે કાર્યવાહી

અમરેલી, તા. ૨૭

દિવાળીના તહેવાર અને અન્ય તહેવારો દરમિયાન ફોડવામાં આવતા ફટાકડાંના કારણે આગ કે અકસ્માતના બનાવો ન બને તે માટે સૂચનાઓ, માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ ૧૬૩ અન્વયે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

સુપ્રીમ કોર્ટ દ્વારા ગ્રીન તથા માન્યતા પ્રાપ્ત ફટાકડા કે જે ઓછા એમિશન ઉત્પન્ન કરે છે તેના ઉત્પાદન અને વેચાણની પરવાનગી આપવામાં આવેલ છે, આ સિવાયના તમામ પ્રકારના ફટાકડાના ઉત્પાદન અને વેચાણ પર સુપ્રિમકોર્ટ દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલ છે. ભારે ઘોંઘાટ વાળા ફટાકડા સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક હોવાથી તથા વધુ પ્રમાણમાં હવાનું પ્રદૂષણ અને ઘન કચરો પેદા કરતા બાંધેલા ફટાકડા (Joint Firecrackers, Series Crackers or Laris) પર સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલ છે. ફટાકડાનું વેચાણ માત્ર લાયસન્સધારક વેપારીઓ દ્વારા જ કરવાનું રહેશે. આ વેપારીઓએ સુપ્રીમ કોર્ટના તા. ૨૩/૧૦/૨૦૧૮ના આદેશ મુજબ માન્ય રાખવામાં આવેલ ફટાકડાઓનું જ વેચાણ કરવાનું રહેશે તેમજ વિદેશી ફટાકડાની આયાત પ્રતિબંધિત થયેલ હોય જેથી કોઈપણ પ્રકારના વિદેશી ફટાકડાની આયાત તથા વેચાણ પર પ્રતિબંધ મુકેલ છે. તમામ ઈ–કોમર્સ વેબસાઈટોને ઓનલાઈન તમામ પ્રકારના ફટાકડાના વેચાણ પર પ્રતિબંધ મુકેલ છે.

ફટાકડા બનાવવા માટે બેરીયમનાં ઉપયોગ પર સુપ્રીમ કોર્ટે પ્રતિબંધ મુકેલ છે. દિવાળી તથા અન્ય તહેવારો કે જેમાં ફટાકડા ફોડવામાં આવે છે તેમાં ફટાકડા રાત્રિના ૨૦:૦૦ થી ૨૨:૦૦ કલાક સુધી તેમજ નૂતન વર્ષનાં તહેવાર દરમિયાન રાત્રીના ૨૩:૫૫ થી ૦૦:૩૦ કલાક સુધી જ ફોડી શકાશે. હાનિકારક ધવનિ પ્રદૂષણ રોકવા માટે માત્ર PESO સંસ્થા દ્વારા અધિકૃત બનાવટવાળા અને માન્ય ધ્વનિ સ્તર (ડેસીબલ લેવલ)વાળા જ ફટાકડા વેચી/વાપરી શકાશે. PESO સંસ્થા દ્વારા એવા અધિકૃત/માન્ય ફટાકડાના દરેક બોકસ પર 'PESO'ની સૂચના પ્રમાણેનું માર્કિંગ હોવું જોઈએ. હોસ્પિટલ, નર્સિંગ હોમ, આરોગ્ય કેન્દ્રો, શૈક્ષણિક સંસ્થાઓ, ન્યાયાલયો, ધાર્મિક સ્થળોની ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારને સાયલેન્ટ ઝોન તરીકે ગણવામાં આવશે અને ત્યાં કોઈપણ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહિ. કોઈપણ પ્રકારના વિદેશી ફટાકડા આયાત કરી શકાશે નહિ, રાખી શકાશે નહિ કે વેચાણ કરી શકાશે નહિ. લોકોને અગવડ ઉભી ન થાય અને કોઈ પણ ભયજનક પરિસ્થિતિનું નિર્માણ ન થાય તે માટે અમરેલી જિલ્લાના તમામ વિસ્તારોના બજારો, શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ, પેટ્રોલ પંપ, એલ.પી.જી. બોટલીંગ પ્લાન્ટ, એલ.પી.જી. ગેસના સ્ટોરેજ અન્ય સળગી ઉઠે તેવા પદાર્થોને સંગ્રહ કરેલા ગોદામો તથા હવાઈ મથકની નજીક ફટાકડા દારૂખાનું ફોડી શકાશે નહિ. કોઈપણ પ્રકારના સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ/આતિશબાજી બલુન)નું ઉત્પાદન તથા વેચાણ કરી શકાશે નહિ તેમજ કોઈપણ સ્થળે ઉડાડી શકાશે નહિ.

national Green Tribunal ના તા. ૦૯/૧૧/૨૦૨૦ના હુકમ મુજબ પ્રદૂષણનું પ્રમાણ વધે નહિ તે માટે સાવચેતીનાં પગલા લેવા તથા માત્ર Green Crakers તથા ઓછા એમિશન કરે તેવા ફટાકડાનું ઉત્પાદન તથા વેચાણ કરવાનું રહેશે. ગુજરાત હાઈકોર્ટ સમક્ષની રીટ પીટીશન (પીઆઈએલ) નં. ૨૫૩/૨૦૧૬ કેસમાં થયેલ કોર્ટનાં તા. ૧૩/૦૧/૨૦૧૭ના આદેશ અનુસાર ચાઈનીઝ તુક્કલ/લેન્ટર્ન જેવા પ્રતિબંધિત સાધન સામગ્રીના ઉત્પાદન, વેચાણ, સંગ્રહ પર પ્રતિબંધ રહેશે.

આ જાહેરનામું આગામી તા. ૨૫/૧૧/૨૦૨૬ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ની કલમ–૨૨૩ તથા 'EXPLOSIVE ACT, ૧૮૮૪' ની જોગવાઈઓ તેમજ ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૧૩૧ જોગવાઈઓ હેઠળ કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે. આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સટેબલ તથા તેનાથી ઉપરના અમરેલી જિલ્લાના પોલીસ અધિકારીઓને અધિકૃત કરવામાં આવે છે.

---

## રાત્રિ ભોજન બાદ પરિવારને ઊલટી અને અશકિતની તકલીફ

# ઉનાના વાંસોજ ગામે ભોજન બાદ પરિવારની તબિયત લથડી, ત્રણ વર્ષની બાળકીનું મોત

### સવારે ઘરે બોલાવેલા ડોકટરે પતિ–પત્નીને બાટલા ચઢાવ્યા, તે દરમિયાન બાળકી અચાનક ઢળી પડી



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૨૭

નવાબંદર મરીન પોલીસ સ્ટેશનના ઙજઈ રાઠોડે જણાવ્યું: બાળકીના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે જામનગર ખસેડાયો, રિપોર્ટ આવ્યા બાદ મોતનું કારણ સ્પષ્ટ થશે; માતા–પિતા ઉનાની ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ ઉના તાલુકાના વાંસોજ ગામે એક જ પરિવારના સભ્યોની તબિયત લથડવાની ઘટનામાં ત્રણ વર્ષની બાળકી જીનલ રાજેશભાઈ કામળીયાનું મોત નીપજતાં અરેરાટી ફેલાઈ છે. બાળકીનાં માતા–પિતા રાજેશભાઈ ભગવાનભાઈ કામળીયા અને સોનલબેન કામળીયા હાલ ઉનાની ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યાં છે. રાત્રિના સમયે ભોજન લીધા બાદ પરિવારના સભ્યોને અશક્તિ અને ઊલટીની તકલીફ શરૂ થઈ હતી. ત્યારબાદ સવારે માતા–પિતાને ફરી અશક્તિ અને ચક્કર આવતાં ઘરે ડોકટરને બોલાવવામાં આવ્યા હતા.

ડોકટર દ્વારા બાટલા ચઢાવી સારવાર શરૂ કરવામાં આવી હતી. આ દરમિયાન ઘરમાં રમતી ત્રણ વર્ષની બાળકી અચાનક ઢળી પડતાં પરિવારજનોમાં દોડ ધામ મચી ગઈ હતી. બાળકીને તાત્કાલિક સારવાર માટે લઈ જવામાં આવી હતી,પરંતુ તબીબે તેને મૃત જાહેર કરી હતી.

સમગ્ર ઘટના અંગે નવાબંદર મરીન પોલીસ સ્ટેશનના પીએસઆઈ રાઠોડ સાથે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે, પરિવાર રાત્રે ભોજન લીધા બાદ સૂઈ ગયો હતો. ત્યાર બાદ અચાનક અશક્તિ અને ઊલટીની તકલીફ થતાં રાત્રિના આશરે બે વાગ્યે ગામમાં સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો. બાદમાં પરિવાર ઘરે પરત ફર્યો હતો. સવારે ફરી અશક્તિ અને ચક્કર આવતાં પરિવારજનોએ ગામ માંથી ડાક્ટરને ઘરે બોલાવ્યા હતા. ડોકટર દ્વારા પતિ પત્નીને બાટલા ચઢાવવામાં આવી રહ્યા હતા ત્યારે બાળકી રમતી હતી અને અચાનક ઢળી પડી હતી.

પીએસઆઈ રાઠોડના જણાવ્યા અનુસાર, બાળકીના મૃત દેહને પોસ્ટ મોર્ટમ માટે જામનગર ખસેડવામાં આવ્યો છે, જયારે તેનાં માતા–પિતાની ઉનાની ખાનગી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. હાલ પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે. પોસ્ટ મોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ બાળકીના મોતનું ચોક્કસ કારણ જાણી શકાશે.

પરિવારની તબિયત લથડવા પાછળ રાત્રી ભોજનની કોઈ અસર હતી કે અન્ય કોઈ કારણ જવાબદાર હતું, તે અંગે હાલ સત્તાવાર સ્પષ્ટતા થઈ નથી. તબીબી તપાસ અને પોસ્ટ મોર્ટમ રિપોર્ટ બાદ જ આ બાબતે સ્પષ્ટતા થઈ શકશે.

ઘટનામાં પરિવારની તબિયત બગડયા બાદ ગામમાં સારવાર લેવામાં આવી હતી અને સવારે ઘરે ડોકટરને બોલાવી બાટલા ચઢાવવામાં આવ્યા હતા. આ સાથે ગામમાં ઘરે કિલનિક ચલાવી સારવાર આપતા ડોકટરોની તબીબી લાયકાત અને જરૂરી નોંધણી અંગે ચકાસણી થવી જોઈએ.

સંબંધિત વ્યક્તિની લાયકાત અને નોંધણી અંગે હાલ કોઈ સત્તાવાર પુષ્ટિ સામે આવી નથી. તેથી આરોગ્ય વિભાગ દ્વારા નિયમ મુજબ ચકાસણી કરવામાં આવે તો આ અંગે હકીકત સ્પષ્ટ થઈ શકે છે. વાંસોજ ગામની આ ઘટનાને પગલે નવાબંદર મરીન પોલીસે તપાસ હાથ ધરી છે. પરિવારના સભ્યોની તબિયત કયા કારણોસર લથડી, બાળકીની સ્થિતિ ક્યારે ગંભીર બની અને સારવાર સંબંધિત વિગતો સહિતના પાસાં તપાસવામાં આવશે. હાલ માતા–પિતા સારવાર હેઠળ છે અને બાળકીના પોસ્ટ મોર્ટમ રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. રિપોર્ટ આવ્યા બાદ જ બાળકીના મોત પાછળનું ચોક્કસ કારણ સામે આવશે.

---

# દામનગર : ગાયત્રી મંદિર આજે ૮૭મો વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાશે

દામનગર, તા. ૨૭

દામનગર શહેરમાં આવેલ શ્રી ગાયત્રી મંદિરે આજે તા. ૨૮/૧૦/૨૬ને બુધવારનાં રોજ સવારનાં ૮થી બપોરનાં ૧૧:૩૦ વાગ્યા સુધી સિનિયર સિટીઝન ટ્રસ્ટ, દામનગર, ગાયત્રી પરિવાર શાખા દામનગર અને ભૂરખીયા મંદિર ટ્રસ્ટનાં સયુક્ત ઉપક્રમે વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ રાખવામાં આવેલ હોય જરૂરિયાતમંદ દર્દીઓએ આધાર પુરાવા સાથે આવી જવા આયોજકોએ જણાવેલ છે. રણછોડદાસબાપુ આંખની હોસ્પિટલ રાજકોટનાં ડોકટર સહિતની ટીમ સેવા આપશે.


**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪



**''અમરેલી એકસપ્રેસ''**

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૯૨૭


---

## રાજયમંત્રી, સાંસદ અને ધારાસભ્ય ન આવતા કાર્યકરો ડોકાયા નહીં

# લ્યો બોલો : બગસરામાં પાલિકા દ્વારા આયોજીત સ્વદેશી મેળાનાં પ્રારંભ કાર્યક્રમમાં પાંખી હાજરી

### ભાજપનાં જુના આગેવાને જાહેરમાં બળાપો કાઢતા આશ્ચર્ય





તસ્વીર : સમીર વિરાણી–બગસરા





બગસરા, તા. ૨૭

બગસરા નગરપાલિકા દ્વારા સોમવારે સ્વદેશી મેળાના ઉદઘાટન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો પરંતુ આગેવાનો અને કાર્યકરોની પાંખી હાજરીને સ્વદેશી મેળાનો ફિયાસ્કો થયો હતો. બગસરા નગરપાલિકા દ્વારા વાંઝા સમાજનાં મેદાનમાં સ્વદેશી મેળાનો ઉદઘાટન કાર્યક્રમ યોજાયો હતો. આ મેળો નગરપાલિકા સંચાલિત હોય જેમાં ઉદઘાટક તરીકે રાજયમંત્રી કૌશિક વેકરીયા, સાંસદ ભરત સુતરીયા અને ધારાસભ્ય જે.વી. કાકડીયાનાં નામો દર્શાવ્યા હતા. આ આગેવાનો તો આવ્યા નહી પરંતુ શહેર ભાજપનાં મોટાભાગનાં હોદ્દેદારો અને કાર્યકરો પણ ડોકાયા નહોતા. આ કાર્યક્રમને લઈ ભાજપના દિગ્ગજ પીઢ આગેવાને સ્ટેજ પરથી રોષ સાથે જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજય સરકાર વોકલ ફોર લોકલ પર ભાર મુકે છે. આવા કાર્યક્રમમાં પાલિકા સદસ્યો પાંચ કાર્યકરોને પણ લાવી શકતા નથી.

નગરપાલિકાનાં અમુક સદસ્યો ફરકયા પણ ન હતા ભાજપનાં ઉચ્ચ નેતા બગસરામાં આવે એટલે સાથે ચાલવા મળે અને ફોટાને વિડીયો બનાવવા આગળ ચાલવા મળે છે માટે ને કોઈ આગેવાન આવે તો તેની પાસે ટોળા વળી જાય છે. જેથી કાર્યકરોની આવી નીતિની ટીકા કરી હતી. આમ, શહેરમાં યોજાયેલા સ્વદેશી મેળાનો ફિયાસ્કો થઈ હાંસીનું પાત્ર બન્યો હતો.

---

## વાસણો પણ અસલામત

# સાવરકુંડલાના વંડા ગામે બંધ મકાનમાંથી વાસણોની ચોરી થઈ

### 3 મહિલાઓ વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ

અમરેલી,તા.૨૭

સાવરકુંડલા તાલુકાના વંડા ગામે જુના ગામમાં આવેલ જુના સ્વામીનારાયણ મંદીર પાસે, હનુમાન શેરીમાં રહેતા કેશુભાઈ ભાણાભાઈ મેર નામના ૬૨ વર્ષીય વૃદ્ધના બંધ મકાનમાં ગત તા.૧૦ થી તા.૧૩ દરમ્યાન કોઈ પણ સમયે ગારીયાધાર તાલુકાના નવાગામ ગામે રહેતી કાજલબેન માથાસુળીયા, લક્ષ્મીબેન માથાસુળીયા તથા ગીતાબેન માથાસુળીયા નામની મહિલાએ કોઈપણ રીતે પ્રવેશ કરી પ્રથમ રૂમમાં રાખેલ જુના વાસણો પીતળનો એક ત્રાસ, તાંબાનો એક ત્રાસ, પીતળનો નાનો ડબો એક, તાંબાની ગાગર નાની એક, તાંબાની ગાગર મોટી એક, તાંબાના લોટા ચાર, કિ.રૂા.૨૮૦, પીળા જેવા કલરની લોટી ત્રણ, તથા નાની મોટી સફેદ જેવા ધાતુની રકાબી આઠ, તથા કાંસાની તાસળી બે મળી કુલ રૂપિયા ૩૦૬૦ ના મુદામાલની ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

---

## કોળી સમાજનાં અગ્રણીનાં આંગણે મહેમાનગતી

# બાબરાનાં શિરવાણીયા ગામે પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાની શુભેચ્છા મુલાકાત

### પંચાલ વિસ્તારનાં અગ્રણીઓ દ્વારા સન્માન કરાયું



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૭

બાબરા તાલુકાનાં શિરવાણીયા ગામે જિલ્લાનાં પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાએ પંચાલ વિસ્તારના ગ્રામ્ય વિસ્તારોનાં સ્થાનિક અગ્રણીઓ તેમજ કોળી સમાજનાં આગેવાનો સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. આ પ્રસંગે કોળી સમાજનાં અગ્રણી રમેશભાઈ રોજાસરાનાં આંગણે તેમની મહેમાનગતિ કરવામાં આવી હતી. આ તકે પંચાલ વિસ્તારનાં કોળી સમાજનાં આગેવાનો દ્વારા પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાનું સન્માન કરી સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા પંચાયતનાં પૂર્વ કારોબારી ચેરમેન નીતિનભાઈ રાઠોડ, મધુભાઈ ગેલાણી, શિરવાણીયા ગામનાં સરપંચ પ્રકાશભાઈ ભડાણીયા, કીડી ગામનાં સરપંચ ધીરૂભાઈ ઝાપડિયા, નાની કુંડળ ગામનાં પૂર્વ સરપંચ વિનુભાઈ મેર, વલ્લભભાઈ મકવાણા, ખાખરીયા ગામનાં સરપંચ વિપુલભાઈ કાચેલા, ગામના પૂર્વ સરપંચ મગનભાઈ રોજાસરા, તાલુકા પંચાયતનાં સભ્ય માધવભાઈ કટારીયા, અમરશીભાઈ શિયાળ, વિપુલભાઈ તલાવડીયા તથા મનસુખભાઈ મકવાણા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ મુલાકાત દરમિયાન સ્થાનિક અગ્રણીઓ અને કોળી સમાજનાં આગેવાનો સાથે હળવાશભર્યુ મિલન યોજાયું હતું. ઉપસ્થિત આગેવાનોએ પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાનું ઉષ્માભેર સ્વાગત કરી સન્માન વ્યક્ત કર્યુ હતું.

## દિવાળી, નૂતનવર્ષનાં તહેવારને અનુલક્ષીને તંત્ર એક્શન મોડમાં

# રાજુલામાં હોટલ, રેસ્ટોરન્ટ અને ફાસ્ટફુડની દુકાનોમાં ચેકિંગ

**જુદા-જુદા સ્થળોએ પ્રાંત અધિકારીનાં માર્ગદર્શનતળે મામલતદાર, ફૂડ વિભાગ દ્વારા ચેકિંગ કરાયું**

**રેસ્ટોરન્ટમાં રહેલ વિવિધ ખાદ્ય સામગ્રીની ગુણવત્તાની પ્રાથમિક તપાસ કરાઈ**

**વહીવટીતંત્રની ચેકિંગ પ્રક્રિયા શરૂ થતાં ભેળસેળિયા વેપારીઓમાં ફફડાટ**

**સમગ્ર જિલ્લામાં વ્યાપક પ્રમાણમાં ખાદ્ય સામગ્રીની ચકાસણી કરવી જરૂરી બની છે**



અમરેલી, તા. ૨૭

દિવાળીના તહેવારો નજીક આવતાં જ ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અને સ્વચ્છતા જાળવવા માટે વહીવટી તંત્ર એકશન મોડમાં આવ્યું છે. રાજુલામાં પ્રાંત અધિકારી અને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમે ઓચિંતી તપાસ હાથ ધરતાં ખાણીપીણીના વેપારીઓમાં ફફડાટ ફેલાયો હતો. તંત્ર દ્વારા હોટલ, રેસ્ટોરન્ટ અને ફાસ્ટફૂડની દુકાનોમાં સઘન ચેકિંગ હાથ ધરી ખાદ્ય પદાર્થોની તપાસ કરવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, દિવાળીના તહેવારો દરમિયાન મીઠાઈ સહિત વિવિધ ખાદ્યચીજોની માંગ વધતી હોય છે. આ સ્થિતિમાં નાગરિકોને ગુણવત્તાયુકત અને સુરક્ષિત ખાદ્ય પદાર્થો મળી રહે તે હેતુથી રાજુલામાં વહીવટી તંત્ર દ્વારા તપાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

પ્રાંત અધિકારીની આગેવાની હેઠળ મામલતદાર અને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમ વિવિધ ખાણીપીણીની દુકાનો પર પહોંચી હતી અને ત્યાં ઉપલબ્ધ ખાદ્ય પદાર્થોની ચકાસણી કરી હતી.

અચાનક હાથ ધરાયેલી આ તપાસને પગલે વેપારીઓમાં દોડધામ મચી હતી. તપાસ દરમિયાન શંકાસ્પદ જણાતા ખાદ્ય પદાર્થોના સેમ્પલ લેવાની તજવીજ પણ હાથ ધરવામાં આવી હતી. તંત્ર દ્વારા ચેકિંગ દરમિયાન કડક કાર્યવાહી કરવામાં આવી હોવાની વિગતો સામે આવી છે.

દિવાળીના તહેવારોમાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ, ગુણવત્તા અને સ્વચ્છતાને લગતી સમસ્યાઓ ન સર્જાય તે માટે તંત્રની આ કામગીરી મહવપૂર્ણ બની છે. જોકે, તપાસ દરમિયાન કેટલા સ્થળોએથી સેમ્પલ લેવામાં આવ્યા, કયા વેપારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી અને સેમ્પલના અહેવાલમાં શું બહાર આવે છે તે અંગેની સત્તાવાર વિગતો મળ્યા બાદ સમગ્ર મામલાની વધુ સ્પષ્ટતા થશે.

---

**અમેરિકા સ્થિત ડો. રાજેશ પટેલ અને ડો. ઉષાબેન પટેલના જન્મદિને**

## રાજકોટ ખાતે સરગમ કલબ અને કમાણી ફાઉન્ડેશનના સહયોગથી ત્રિ-દિવસીય જયપુર ફ્રી ફૂટ કેમ્પ યોજાશે

**આગામી ૧લી નવેમ્બરથી ૩ નવેમ્બર સુધી સેવાકીય કાર્ય**

અમરેલી, તા. ૨૭

રાજકોટ ખાતે સરગમ કલબ અને કમાણી ફાઉનડેશનનાં સહયોગથી અમેરિકા સ્થિત ડો.રાજેશ પટેલ અને ડો.શ્રીમતિ ઉષાબેન પટેલનાં જન્મદિવસ નિમિતે ૧ લી નવે-થી ૩ નવે. સુધી ત્રિ-દિવસીય જયપુર ફ્રી ફુટ કેમ્પનું આયોજન સરગમ ભવન, નવી કલેકટર કચેરીની બાજુમાં કરાયું છે.



આ કેમ્પમાં લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ તા. ૧/૧૧/૨૬ રવિવારના રોજ સીધા જણાવ્યા મુજબના સ્થળપર પહોંચવું આ કેમ્પમાં હર કોઈ વિકલાંગ દર્દી લાભ લઈ શકશે. સાંસ્કૃતિક, સામાજિક અને તબીબી ક્ષેત્રમાં અગ્રેસર રેહનાર સરગમ કલબ રાજકોટમાં જયપુર ફૂટકેમ્પના રૂપમાં તદન નિઃશૂલ્ક સેવા કેન્દ્ર ચલાવી રહેલ છે. તો આ કેમ્પમાં વિકલાંગ દર્દીઓએ તા. ૧/૧૧/૨૬થી તા. ૩/૧૧/૨૬, ૩ દિવસના કેમ્પમાં લાભ લેનાર દર્દીએ સરકાર માન્ય આધારકાર્ડ અને ડોકટરનું વિકલાંગનું સર્ટીફિકેટની ઝેરોક્ષ સાથે લાવવી આવશ્યક છે. તેમ સરગમ કલબનાં પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા જણાવે છે.

---

**સ્થાનિક ખેડૂત સંકલન સમિતિએ પ્રાંત અધિકારી મારફત મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવ્યું**

## રાજુલાનાં લુણસાપુર અને લોઠપુર ગામમાંથી પસાર થતી ૨૨૦ કેવી વીજ ટ્રાન્સમિશન લાઈન મુદ્દે રજૂઆત

**નવા ઠરાવ મુજબ વળતર ચુકવવા અને નિર્ણય ન આવે ત્યાં સુધી કામગીરી સ્થગિત કરવા માંગ**



રાજુલા, તા. ૨૭

રાજુલા તાલુકાના લુણસાપુર અને લોઠપુર ગામોની ખેતીની જમીનોમાંથી પસાર થતી ૨૨૦ કેવી જીપીપીસી કોવાયા-ઓથા વીજ ટ્રાન્સમિશન લાઈનના વળતર મુદ્દે આજે રાજુલા-જાફરાબાદ ખેડૂત સંકલન સમિતિ દ્વારા ગુજરાતના મુખ્યમંત્રીને સંબોધીને પ્રાંત અધિકારી, રાજુલા મારફતે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

સમિતિએ રજૂઆત કરી હતી કે આ પ્રોજેકટમાં કેટલાક સર્વે નંબરો માટે જૂના સરકારી ઠરાવ મુજબ વળતર નક્કી કરવામાં આવ્યું હોવાની અને કેટલાક જમીન માલિકોને હજુ સુધી વળતર ચૂકવાયું ન હોવા છતાં કામગીરી શરૂ કરવામાં આવી હોવાની ફરિયાદો છે. ખેડૂતોના જણાવ્યા મુજબ, કેટલાક કિસ્સાઓમાં કામગીરી શરૂ કરતાં પહેલાં યોગ્ય નોટિસ આપવામાં આવી ન હતી તથા પોલીસ પ્રોટેકશન હેઠળ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

ગુજરાત સરકારના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના તા. ૦૪/૦૭/૨૦૨૬ના ઠરાવની જોગવાઈઓનો ઉલ્લેખ કરીને સમિતિએ માંગણી કરી છે કે આ પ્રોજેકટમાં નવા ઠરાવની લાગુ પડતી જોગવાઈઓની તપાસ કરવામાં આવે અને તમામ અસરગ્રસ્ત ખેડૂતોને નિયમ મુજબ યોગ્ય વળતર મળે તે સુનિશ્ચિત કરવામાં આવે.

સમિતિએ વધુમાં માંગણી કરી છે કે કામગીરી નવી ટાવર સ્થાપનાની છે કે જૂની લાઈનના રિપ્લેસમેન્ટ અથવા રેસ્ટોરેશનની છે તેની ટેકનિકલ તપાસ કરવામાં આવે. વળતરની પુનઃ ગણતરી, બાકી રકમની ચુકવણી અને કાયદેસર પ્રક્રિયા અંગે નિર્ણય ન આવે ત્યાં સુધી સક્ષમ અધિકારી દ્વારા સંબંધિત સ્થળે કામગીરી સ્થગિત રાખવા વચગાળાનો આદેશ કરવામાં આવે.

સમિતિએ જિલ્લા વહીવટી તંત્ર અને જેટકોના સંબંધિત અધિકારીઓ દ્વારા સંયુકત તપાસ યોજી, અસરગ્રસ્ત ખેડૂતોના પ્રતિનિધિ મંડળ સાથે બેઠક કરીને પારદર્શક અને સમયબદ્ધ ઉકેલ લાવવાની પણ માંગણી કરી છે.

સમિતિના જણાવ્યા મુજબ, ખેડૂતો વિકાસલક્ષી વીજ સુવિધાઓના વિરોધી નથી; પરંતુ ખેતીની જમીનને થતું નુકસાન, વળતરની ગણતરી અને સરકારી ઠરાવના અમલમાં ખેડૂતોને ન્યાય મળવો જોઈએ. આથી રાજય સરકાર આ મુદ્દે તાત્કાલિક હસ્તક્ષેપ કરી અસરગ્રસ્ત ખેડૂતોના કાયદેસર હિતોનું રક્ષણ કરે તેવી માંગણી કરવામાં આવી છે. તેમ રાજુલા-જાફરાબાદ ખેડૂત સંકલન સમિતિ દ્વારા જણાવેલ છે.





ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of
RPCA | NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com

આદુ-મરચાથી ભરપુર સ્પે. વાટીદાળના ખમણ
તેમજ સ્પે. નાયલોન ખમણ મળશે
દાનગીગેવ ખમણ હાઉસ
અમરેલીનાં જુનાને જાણીતા (સાનુભાઈ ખમણવાળા)
સ્ટેશન રોડ, લક્ષ્મીનારાયણ મંદિરની સામે, અવધ ડેરી ફાર્મની બાજુમાં, અમરેલી
મો. ૯૯૨૫૪ ૨૫૨૩૧ ■ મો. ૯૪૨૮૭ ૯૪૦૪૧







સાંભળવાની તકલીફ છે ?
આ દિવાળીમાં આપના વડીલોને આપો કાનના મશીનની અમૂલ્ય ભેટ
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે.નાયલોન ખમણ ખમણ હાજરમાં મળશે. ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે,લીલીયા રોડ,અમરેલી.

## SIRનો મોટો ઝટકો

# કર્ણાટકની અંતિમ મતદાર યાદીમાંથી ૧.૦૮ કરોડ નામ ગાયબ, ૪.૪૬ કરોડ મતદારોને જ મળ્યું સ્થાન

### ચૂંટણી પંચની ચકાસણીમાં સ્થળાંતરિત, મૃત અને ડુપ્લિકેટ મતદારોની ઓળખ; પાત્ર મતદારોને નામ ઉમેરાવવા ફોર્મ-૬ ભરવાની તક

કર્ણાટક,તા.૨૭

કર્ણાટકમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયા બાદ અંતિમ મતદાર યાદીને લઈને મોટા આંકડા સામે આવ્યા છે. ઉપલબ્ધ અહેવાલ મુજબ, રાજ્યમાં આશરે ૧.૦૮ કરોડ મતદારોનાં નામ યાદીમાંથી દૂર કરવામાં આવ્યાં છે. આ સંખ્યા અગાઉ નોંધાયેલા કુલ મતદારોના આશરે ૧૯.૪૮ ટકા જેટલી હોવાનું જણાવાયું છે. બીજી તરફ, અંતિમ યાદીમાં આશરે ૪.૪૬ કરોડ પાત્ર મતદારોને સ્થાન મળ્યું છે.

ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવેલી આ પ્રક્રિયામાં મતદારોની વિગતોનું ચકાસણી અભિયાન ચલાવવામાં આવ્યું હતું. એન્યુમરેશન ફોર્મ ન મળવા, મતદારોના સરનામાંની ચકાસણી અને અન્ય કારણોને ધ્યાનમાં રાખીને યાદીમાં સુધારા કરવામાં આવ્યા હોવાનું અહેવાલમાં જણાવાયું છે.ચાર શ્રેણીમાં કરવામાં આવી મતદારોની તપાસઃમતદાર યાદીને વધુ સચોટ બનાવવા માટે ASDD શ્રેણી હેઠળ ગેરહાજર, સ્થળાંતરિત, મૃત્યુ પામેલા અને ડુપ્લિકેટ મતદારોની ઓળખ કરવામાં આવી હતી.અહેવાલમાં આપવામાં આવેલા આંકડા મુજબઃ૬૫,૪૫,૬૭૯ મતદારોઃ કાયમી ધોરણે અન્ય સ્થળે સ્થળાંતરિત થયેલા.૧૯,૦૦,૯૨૬ મતદારોઃ નોંધાયેલા સરનામે ગેરહાજર મળી આવેલા.૧૬,૩૯,૮૬૪ મતદારોઃ મૃત્યુ પામેલા હોવાનું નોંધાયેલા.૭,૦૯,૮૭૦ મતદારોઃ ડુપ્લિકેટ અથવા એકથી વધુ સ્થળે નોંધાયેલા.

આ તપાસનો મુખ્ય હેતુ મતદાર યાદીમાં રહેલી ખોટી, જૂની અને પુનરાવર્તિત નોંધોને ઓળખવાનો હોવાનું જણાવાયું છે. જોકે, યાદીમાંથી નામ દૂર થવું અને કોઈ વ્યક્તિ મતદાન માટે કાયમી ધોરણે અયોગ્ય હોવું એ બંને અલગ બાબતો છે. અહેવાલ મુજબ, મતદારોની ચકાસણી દરમિયાન કુલ ૪૩,૮૨,૮૨૪ નોટિસ આપવામાં આવી હતી. ત્યારબાદ સંબંધિત કેસોમાં સુનાવણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

આ પ્રક્રિયા બાદ ૪૩,૨૦,૯૫૭ કેસોને અંતિમ યાદીમાં સામેલ કરવા માટે યોગ્ય ગણવામાં આવ્યા હતા. જ્યારે ૬૧,૮૬૭ મતદારોને અયોગ્ય ઠેરવવામાં આવ્યા હોવાનું જણાવાયું છે.આ આંકડા દર્શાવે છે કે મતદાર યાદીમાં નામ ઉમેરવા, જાળવી રાખવા અથવા દૂર કરવા માટે ચકાસણીની પ્રક્રિયા મહત્ત્વપૂર્ણ બની હતી. જોકે, આ આંકડાઓની સત્તાવાર પુષ્ટિ માટે ચૂંટણી પંચની અંતિમ જાહેરાત તપાસવી જરૂરી છે.અહેવાલમાં કર્ણાટકના મુખ્ય ચૂંટણી અધિકારી અંબુ કુમારના નિવેદનને ટાંકીને જણાવાયું છે કે ૧૬ જૂન, ૨૦૨૬ સુધીમાં મતદાર યાદીમાં આશરે ૫.૫૪ કરોડ મતદારો નોંધાયેલા હતા. તેમાંથી લગભગ ૧.૦૮ કરોડ નામો ડ્રાફ્ટ યાદીમાં સામેલ નહોતાં.

તેમણે વધુમાં જણાવ્યું હોવાનું અહેવાલમાં કહેવાયું છે કે છેલ્લા અઢી મહિનામાં ૮.૧૯ લાખથી વધુ નવા મતદારોની નોંધણી કરવામાં આવી છે. પાત્ર નાગરિકો માટે નોંધણીની પ્રક્રિયા આગળ પણ ચાલુ રહેશે.

જો કોઈ નાગરિક મતદાન

માટે પાત્ર હોય, પરંતુ તેનું નામ મતદાર યાદીમાં ન હોય, તો તે નવી નોંધણી માટે ફોર્મ-૬ ભરીને અરજી કરી શકે છે. અરજીની ચકાસણી બાદ નિયમો અનુસાર નામ ઉમેરવાની કાર્યવાહી થઈ શકે છે.અંતિમ મતદાર યાદીમાં પોતાનું નામ તપાસવું. નામ ન હોય તો સંબંધિત ચૂંટણી નોંધણી અધિકારીનો સંપર્ક કરવો. ફોર્મ-૬ દ્વારા નવી નોંધણી માટે અરજી કરવી.અરજીની સ્થિતિ અને જરૂરી દસ્તાવેજો અંગે સત્તાવાર ચૂંટણી વિભાગ પાસેથી માહિતી મેળવવી.પાત્ર મતદારોનો અધિકાર જળવાઈ રહે તે જરૂરી

મતદાર યાદીમાંથી અયોગ્ય અને ડુપ્લિકેટ નોંધો દૂર કરવી જરૂરી છે, પરંતુ તેની સાથે કોઈ પાત્ર નાગરિકનું નામ ભૂલથી બાકાત ન રહી જાય તેની તકેદારી રાખવી પણ એટલી જ મહત્ત્વપૂર્ણ છે.કર્ણાટકમાં SIR પ્રક્રિયા બાદ સામે આવેલા આ આંકડાઓને પગલે મતદાર યાદીની ચોકસાઈ, પારદર્શિતા અને પાત્ર નાગરિકોના મતાધિકાર અંગે ચર્ચા ઊભી થઈ છે. હવે નામ ઉમેરાવવા માટે કરવામાં આવતી અરજીઓ અને ચૂંટણી તંત્રની આગળની કાર્યવાહી પર સૌની નજર રહેશે.

## શેરબજારમાં સુસ્તીનો માહોલ

# સેન્સેક્સ ૮.૦૮ પોઈન્ટ ઘટીને ૭૩,૫૯૮.૬૭ પર બંધ, નિફ્ટીમાં સામાન્ય વધારો

### વૈશ્વિક બજારોમાંથી નબળા સંકેતો વચ્ચે ભારતીય શેરબજારમાં મર્યાદિત વધઘટ; સેન્સેક્સ લાલ નિશાનમાં બંધ થયો

મુંબઈ,તા.૨૭

ભારતીય શેરબજારમાં મંગળવાર, ૨૭ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સુસ્ત કારોબાર જોવા મળ્યો હતો. સપ્તાહના બીજા ટ્રેડિંગ દિવસે બજારની શરૂઆત નબળી રહી હતી અને દિવસના અંતે પણ સેન્સેક્સ ઘટાડા સાથે બંધ થયો હતો. બીજી તરફ, નિફ્ટીમાં નજીવો વધારો નોંધાયો હતો. વૈશ્વિક બજારોમાંથી મળેલા નબળા સંકેતોને કારણે રોકાણકારોમાં સાવચેતીનો માહોલ જોવા મળ્યો હતો.બજાર બંધ થવાના સમયે બપોરે ૩ઃ૩૦ વાગ્યે BSE સેન્સેક્સ ૮.૦૮ પોઈન્ટના ઘટાડા સાથે ૭૩,૫૯૮.૬૭ના સ્તરે બંધ થયો હતો. જ્યારે NSE નિફ્ટી ૩.૪૫ પોઈન્ટના સામાન્ય વધારા સાથે ૨૨,૭૪૯.૭૫ના સ્તરે પહોંચ્યો હતો. બંને મુખ્ય સૂચકાંકોમાં મર્યાદિત વધઘટ જોવા મળતાં બજારમાં મિશ્ર વલણ રહ્યું હતું.

કારોબારની શરૂઆત દરમિયાન શેરબજારમાં અલગ-અલગ શેરોમાં વધઘટ જોવા મળી હતી. ઉપલબ્ધ આંકડા અનુસાર, આશરે ૧,૨૪૪ શેર વધારા સાથે ખુલ્યા હતા, જ્યારે લગભગ ૧,૦૦૦ શેર લાલ નિશાનમાં રહ્યા હતા. આ ઉપરાંત ૧૫૮ શેરોમાં કોઈ નોંધપાત્ર ફેરફાર નોંધાયો નહોતો.નિફ્ટીમાં ટાટા કન્ઝ્યુમર, BSE લિમિટેડ, ડૉ. રેડ્ડીઝ લેબોરેટરીઝ, NTPC અને શ્રીરામ ફાઈનાન્સના શેરોમાં તેજી જોવા મળી હતી. આ શેરોએ બજારના નબળા માહોલ વચ્ચે સારો દેખાવ કર્યો હતો.બીજી તરફ, JSW સ્ટીલ, હિન્દુસ્તાન યુનિલિવર (HUL), HCL ટેકનોલોજીસ, ટાટા સ્ટીલ અને ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝના શેરોમાં ઘટાડો નોંધાયો હતો. જોકે, આ શેરોમાં થયેલા ફેરફારની ચોક્કસ ટકાવારી ઉપલબ્ધ માહિતીમાં આપવામાં આવી નથી.સોમવારના ટ્રેડિંગ સત્ર દરમિયાન ભારતીય શેરબજારમાં નોંધપાત્ર અસ્થિરતા જોવા મળી હતી. શરૂઆતમાં સેન્સેક્સ અને નિફ્ટીમાં ઘટાડો નોંધાયો હતો, પરંતુ દિવસ દરમિયાન બજારમાં સુધારો આવ્યો હતો અને બંને સૂચકાંકો મજબૂત સ્થિતિમાં બંધ થયા હતા. તેની સરખામણીમાં મંગળવારે બજારમાં તેજીનો ખાસ ઉત્સાહ જોવા મળ્યો નહોતો. સેન્સેક્સનો સામાન્ય ઘટાડો અને નિફ્ટીનો નજીવો વધારો દર્શાવે છે કે રોકાણકારો હાલ સાવચેતીપૂર્વક કારોબાર કરી રહ્યા હતા.બજારમાં આવા મિશ્ર વલણ દરમિયાન રોકાણકારો માટે કંપનીઓનાં પરિણામો, વૈશ્વિક બજારોની દિશા અને આર્થિક સંકેતો પર નજર રાખવી મહત્ત્વપૂર્ણ છે. માત્ર એક દિવસના વધારા કે ઘટાડાના આધારે રોકાણ અંગે નિર્ણય લેવાને બદલે કંપનીના નાણાકીય પ્રદર્શન અને પોતાના રોકાણના હેતુઓને ધ્યાનમાં લેવા જોઈએ.

## પ્રેસની સ્વતંત્રતા પર ખતરો હોવાની આશંકા

# કેન્દ્રના નવા પ્રાઈવસી કાયદા સામે ૨૧ મીડિયા કંપનીઓ સુપ્રીમ કોર્ટમાં

### ભ્રષ્ટાચાર, નાણાકીય ગેરરીતિઓ, ચૂંટણી સંબંધિત વિવાદો અને સત્તાના દુરુપયોગ જેવા મુદ્દાઓની તપાસ દરમિયાન પત્રકારોને અનેક અવરોધોનો સામનો કરવો પડી શકે છે

નવી દિલ્હી,તા.૨૭

કેન્દ્ર સરકારના ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન (DPDP) કાયદાની કેટલીક જોગવાઈઓ સામે દેશની આશરે ૨૧ મોટી મીડિયા કંપનીઓએ સુપ્રીમ કોર્ટનો દરવાજો ખખડાવ્યો છે. ડિજિટલ ન્યૂઝ પબ્લિશર્સ એસોસિએશન (DNPA) દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં દલીલ કરવામાં આવી છે કે કાયદાના નવા નિયમો પત્રકારત્વની સ્વતંત્રતા, તપાસાત્મક અહેવાલો અને જાહેર હિતમાં થતી પત્રકારિતાને અસર કરી શકે છે.

મીડિયા અહેવાલો અનુસાર, મુકેશ અંબાણી અને ગૌતમ અદાણી સાથે સંકળાયેલી મીડિયા કંપનીઓ સહિત અનેક પ્રકાશકો આ કાયદા સામેની કાનૂની લડતમાં જોડાયા છે. અરજીમાં કાયદાની કેટલીક જોગવાઈઓ રદ કરવાની અથવા પત્રકારત્વને તેમાંથી યોગ્ય છૂટ આપવાની માગ કરવામાં આવી છે. આ મામલે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થવાની છે.મીડિયા સંગઠન દ્વારા દાખલ કરવામાં આવેલી આશરે ૬૯૮ પાનાની અરજીમાં જણાવાયું છે કે નવા નિયમો પત્રકારો માટે સંવેદનશીલ અને જાહેર હિત સાથે જોડાયેલી માહિતી એકત્રિત કરવાનું મુશ્કેલ બનાવી શકે છે. ખાસ કરીને ભ્રષ્ટાચાર, નાણાકીય ગેરરીતિઓ, ચૂંટણી સંબંધિત વિવાદો અને સત્તાના દુરુપયોગ જેવા મુદ્દાઓની તપાસ દરમિયાન પત્રકારોને અનેક અવરોધોનો સામનો કરવો પડી શકે છે. અરજદારોની આશંકા છે કે વ્યક્તિગત માહિતી મેળવવા માટે સંમતિ લેવાની આવશ્યકતા તપાસાત્મક પત્રકારત્વના કેટલાક મહત્ત્વપૂર્ણ પાસાંને અસર કરી શકે છે. જો કોઈ અહેવાલમાં જાહેર હિત સાથે જોડાયેલી વ્યક્તિ અથવા સંસ્થાની તપાસ કરવાની હોય, તો સંબંધિત વ્યક્તિની અગાઉથી મંજૂરી મેળવવી વ્યવહારિક રીતે મુશ્કેલ બની શકે છે.

મીડિયા કંપનીઓનું કહેવું છે કે જો માહિતી આપનાર વ્યક્તિઓને પોતાની ઓળખ જાહેર થવાની અથવા કાનૂની મુશ્કેલી ઊભી થવાની આશંકા રહેશે, તો તેઓ મહત્વપૂર્ણ માહિતી આપતાં ખચકાશે. પરિણામે, ભ્રષ્ટાચાર અને અન્ય ગેરરીતિઓને ઉજાગર કરતા અહેવાલો પર અસર પડી શકે છે.

અરજીમાં ડેટા સુરક્ષા સંબંધિત નિયમોના ભંગ બદલ લાગુ પડી શકે તેવા દંડ અને સત્તાવાળાઓની ભૂમિકા અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. મીડિયા સંગઠનના મતે, આ જોગવાઈઓનો વ્યાપક અર્થઘટન કરવામાં આવે તો પ્રકાશકો પર વધારાનું કાનૂની અને આર્થિક દબાણ ઊભું થઈ શકે છે.

મીડિયા કંપનીઓએ અગાઉ સરકાર સમક્ષ પણ પત્રકારત્વ માટે વિશેષ છૂટની માગ ઉઠાવી હતી. તેમનો મુખ્ય તર્ક એ છે કે વ્યક્તિગત ડેટાની સુરક્ષા જરૂરી હોવા છતાં, જાહેર હિતમાં થતી તપાસ અને અહેવાલો માટે યોગ્ય કાનૂની સુરક્ષા હોવી જોઈએ. સરકાર તરફથી અગાઉ મીડિયા સ્વતંત્રતા અંગે ચિંતાઓનું ધ્યાન રાખવાની ખાતરી આપવામાં આવી હોવાનો અહેવાલ છે. જોકે, અરજદારોના જણાવ્યા અનુસાર, તેમને જરૂરી સ્પષ્ટતા આપતી લેખિત ખાતરી મળી નહોતી.

ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન કાયદાનો હેતુ વ્યક્તિગત ડેટાની સુરક્ષા અને તેના ઉપયોગને નિયંત્રિત કરવાનો છે. બીજી તરફ, મીડિયા સંગઠનો માને છે કે આ સુરક્ષા વ્યવસ્થા અને પ્રેસની સ્વતંત્રતા વચ્ચે સંતુલન જાળવવું જરૂરી છે.

આ મામલે સુપ્રીમ કોર્ટનું વલણ ડિજિટલ યુગમાં પત્રકારત્વના અધિકારો, વ્યક્તિગત ગોપનીયતા અને જાહેર હિતમાં માહિતી પ્રકાશિત કરવાની સ્વતંત્રતા માટે મહત્ત્વપૂર્ણ બની શકે છે. કોર્ટની સુનાવણી દરમિયાન કાયદાની જોગવાઈઓ, પત્રકારત્વ પર તેની સંભવિત અસર અને મીડિયા માટે કોઈ વિશેષ છૂટ જરૂરી છે કે નહીં તે મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત થવાની શક્યતા છે.

## ચૂંટણીમાં ગેરરીતિના આરોપો ફરી ચર્ચામાં

# મિડટર્મ ચૂંટણી પહેલાં અમેરિકામાં ચૂંટણીની પારદર્શિતા પર રાજકીય ઘમાસાણ

### વોટર ફ્રોડના પુરાવા રજૂ કરનારને ૧૦ લાખ ડોલરનું ઇનામ આપવાની જાહેરાત કરી હોવાનો અહેવાલ છે

નવી દિલ્હી,તા.૨૭

અમેરિકામાં ૩ નવેમ્બર, ૨૦૨૬ના રોજ યોજાનારી મિડટર્મ ચૂંટણી પહેલાં ચૂંટણીમાં ગેરરીતિનો મુદ્દો ફરી ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મતદાનમાં ગેરરીતિ એટલે કે વોટર ફ્રોડના પુરાવા રજૂ કરનારને ૧૦ લાખ ડોલરનું ઈનામ આપવાની જાહેરાત કરી હોવાનો અહેવાલ છે. ભારતીય ચલણમાં આ રકમ આશરે ૯ કરોડ જેટલી થાય છે.ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથ સોશિયલ પરની પોસ્ટ દ્વારા લોકોને અગાઉ યોજાયેલી ચૂંટણીઓ અને આગામી મિડટર્મ ચૂંટણીમાં કથિત મતદાન ગેરરીતિઓના પુરાવા રજૂ કરવા અપીલ કરી છે. જોકે, આ ઈનામની રકમ કોણ ચૂકવશે, તેના માટે કયા નિયમો લાગુ પડશે અને પુરાવાની ચકાસણી કોણ કરશે તે અંગે સ્પષ્ટ વિગતો સામે આવી નથી.

ટ્રમ્પ લાંબા સમયથી અમેરિકાની ચૂંટણી પ્રક્રિયામાં ગેરરીતિઓ થતી હોવાના આક્ષેપો કરતા રહ્યા છે. તાજેતરની જાહેરાતમાં પણ તેમણે મતદાનની વિશ્વસનીયતા અને પારદર્શિતા અંગે સવાલો ઉઠાવ્યા છે.તેમના દાવા મુજબ, કેટલીક ચૂંટણીઓમાં મૃત વ્યક્તિઓનાં નામે મતદાન સહિતની ગેરરીતિઓ થઈ હોવાની આશંકા છે. જોકે, આવા દાવાઓને સમર્થન આપતા ચોક્કસ પુરાવા અને તેમની સ્વતંત્ર ચકાસણી અંગેની વિગતો મહત્ત્વપૂર્ણ રહેશે.

અમેરિકામાં ચૂંટણી પ્રક્રિયા હેઠળ મતદાર નોંધણી, મતદાન અને મતગણતરીની જવાબદારી મુખ્યત્વે રાજ્યો તથા સ્થાનિક વહીવટી તંત્રની હોય છે. તેથી ચૂંટણીમાં ગેરરીતિના કોઈપણ આરોપની તપાસ માટે સંબંધિત સત્તાવાળાઓ દ્વારા પુરાવાનું મૂલ્યાંકન જરૂરી બને છે.અમેરિકામાં ૩ નવેમ્બરે યોજાનારી મિડટર્મ ચૂંટણીમાં હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સની તમામ ૪૩૫ બેઠકો અને સેનેટની આશરે એક તૃતીયાંશ બેઠકો માટે મતદાન થવાનું છે. આ ઉપરાંત વિવિધ રાજ્યોમાં ગવર્નર સહિતનાં પદો માટે પણ ચૂંટણી યોજાશે.મિડટર્મ ચૂંટણીને પ્રમુખના કાર્યકાળના મધ્યમાં સરકારની નીતિઓ અને કામગીરી અંગે મતદારોના વલણના મહત્ત્વપૂર્ણ સંકેત તરીકે જોવામાં આવે છે.જો ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટી કોંગ્રેસમાં બહુમતી ગુમાવે, તો કાયદા પસાર કરાવવા અને સરકારના એજન્ડાને આગળ વધારવામાં તેમને મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આથી ચૂંટણીનાં પરિણામો અમેરિકાની રાજકીય દિશા માટે નિર્ણાયક બની શકે છે.ચૂંટણી પહેલાં ટ્રમ્પ દ્વારા આર્થિક અને સામાજિક મુદ્દાઓ પર કરવામાં આવેલા દાવાઓ પણ ચર્ચામાં છે. ઉપલબ્ધ અહેવાલ અનુસાર, તેમણે રિપબ્લિકન પાર્ટી કોંગ્રેસમાં બહુમતી જાળવી રાખે તો દરેક પુખ્ત અમેરિકન નાગરિકને ૫,૦૦૦ ડોલર આપવાની સંભવિત યોજનાનો ઉલ્લેખ કર્યો છે.

જોકે, આવી કોઈ યોજના માટેની પાત્રતા, ભંડોળના સ્રોત અને અમલીકરણની શરતો અંગે સ્પષ્ટ વિગતો વિના તેને અમલમાં આવનારી નીતિ તરીકે જોવી યોગ્ય નથી.ટ્રમ્પની ઈનામની જાહેરાતથી અમેરિકામાં ચૂંટણીની પારદર્શિતા અને મતદાનની વિશ્વસનીયતા અંગેની ચર્ચા વધુ તીવ્ર બની શકે છે. જોકે, માત્ર આરોપો અથવા જાહેરાતના આધારે ચૂંટણીમાં ગેરરીતિ સાબિત થતી નથી. તેના માટે વિશ્વસનીય પુરાવા અને યોગ્ય તપાસ જરૂરી છે.આગામી દિવસોમાં ઈનામની શરતો અંગે વધુ સ્પષ્ટતા થાય છે કે નહીં અને ચૂંટણી સત્તાવાળાઓ કથિત ગેરરીતિઓ અંગે શું પગલાં લે છે તેના પર રાજકીય વર્તુળો તથા મતદારોની નજર રહેશે.

## સંયુક્ત રાષ્ટ્રમાં સુધારાની ચર્ચા વચ્ચે ભારતનો સ્પષ્ટ સંદેશ

# વૈશ્વિક સત્તાના સમીકરણમાં ભારતની શરતઃ વીટો વિના કાયમી બેઠક નહીં!

### આ બેઠક માટેની ચૂંટણી જૂન ૨૦૨૭માં યોજાવાની છે અને એશિયા પેસિફિક જૂથમાં ભારતની સામે તાજિકિસ્તાનની દાવેદારી છે

નવી દિલ્હી,તા.૨૭

વિશ્વના સૌથી મહત્ત્વના સુરક્ષા મંચ પર ભારતની ભૂમિકા વધારવાની ચર્ચા ફરી તેજ બની છે. જોકે, ભારત માટે આ લક્ષ્ય માત્ર સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)માં કાયમી બેઠક મેળવવા પૂરતું નથી. નવી દિલ્હીની દલીલ છે કે કાયમી સભ્યપદ સાથે નિર્ણય લેવાની સત્તા પણ મળવી જોઈએ. વીટો પાવર વિના કાયમી સભ્ય બનાવવાની કોઈ વ્યવસ્થા ભારતને સ્વીકાર્ય નથી, કારણ કે તેનાથી નવા સભ્યોને વર્તમાન કાયમી સભ્યોની સરખામણીમાં ઓછા અધિકારો મળશે.સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ રાજદૂત હરીશ પર્વતાનેનીએ આ મુદ્દે ભારતનું વલણ રજૂ કરતાં જણાવ્યું હતું કે જો વીટો પાવર ચાલુ રાખવામાં આવે, તો સુધારેલી પરિષદના તમામ કાયમી સભ્યોને સમાન અધિકાર મળવા જોઈએ.હાલની વ્યવસ્થામાં અમેરિકા, રશિયા, ચીન, બ્રિટન અને ફ્રાન્સને વિશેષ સ્થાન મળેલું છે. આ પાંચ દેશો પાસે વીટો પાવર હોવાથી સુરક્ષા પરિષદના મહત્ત્વના બિન-પ્રક્રિયાત્મક ઠરાવને રોકવાની સત્તા ધરાવે છે. પરિણામે, અન્ય સભ્યોનો બહુમતીથી મળેલો ટેકો પણ કોઈ એક કાયમી સભ્યના નકારાત્મક મત સામે નિષ્ફળ થઈ શકે છે.ભારતનો વાંધો આ જ અસમાનતા સામે છે. જો નવા દેશોને કાયમી સભ્ય બનાવવામાં આવે, પરંતુ તેમને વીટોનો અધિકાર ન મળે, તો કાયમી સભ્યપદના નામે બે અલગ સ્તરની વ્યવસ્થા ઊભી થશે. આવી સ્થિતિમાં નવા સભ્યોનો દરજ્જો કાયમી હોવા છતાં તેમનો પ્રભાવ મર્યાદિત રહી શકે છે.સંયુક્ત રાષ્ટ્રની સ્થાપના બીજા વિશ્વયુદ્ધ પછી ૧૯૪૫માં થઈ હતી. ત્યારથી વિશ્વની વસ્તી, અર્થતંત્ર, રાજકીય શક્તિ અને આંતરરાષ્ટ્રીય સંબંધોમાં મોટા ફેરફારો થયા છે. ભારતનું માનવું છે કે સુરક્ષા પરિષદનું માળખું પણ આ બદલાયેલી પરિસ્થિતિને અનુરૂપ બનવું જોઈએ.ભારતે ૧૯૬૫ના સુધારાનો દાખલો આપ્યો હતો. તે સમયે બિન-કાયમી સભ્યોની સંખ્યા છથી વધારીને દસ કરવામાં આવી, પરંતુ કાયમી સભ્યોની સંખ્યા પાંચ જ રહી. ભારતની દલીલ છે કે માત્ર બિન-કાયમી બેઠકો વધારવાથી સત્તાના મૂળ માળખામાં પરિવર્તન આવતું નથી.કાયમી સભ્યપદ માટેની લાંબા ગાળાની માગ સાથે ભારત ૨૦૨૮-૨૯ના કાર્યકાળ માટે અસ્થાયી સભ્યપદ મેળવવા પણ પ્રયત્નશીલ છે. ઉપલબ્ધ માહિતી અનુસાર, આ બેઠક માટેની ચૂંટણી જૂન ૨૦૨૭માં યોજાવાની છે અને એશિયા-પેસિફિક જૂથમાં ભારતની સામે તાજિકિસ્તાનની દાવેદારી છે.આગળનો માર્ગ રાજદ્વારી વાટાઘાટો અને સભ્ય દેશો વચ્ચે સહમતી પર આધારિત રહેશે. ભારત માટે મુખ્ય પડકાર માત્ર સુરક્ષા પરિષદમાં પ્રવેશ મેળવવાનો નથી, પરંતુ વૈશ્વિક નિર્ણયો ઘડવામાં અસરકારક અને સમાન સત્તા ધરાવતું સ્થાન સુનિશ્ચિત કરવાનો છે.

## યુપીના મુખ્ય ચૂંટણી અધિકારીએ માફી માગી

# મતદાર યાદીમાં રામે યાદવને મારી નાખ્યો નામથી વિવાદ

### તેમણે ચૂંટણી પંચની કામગીરી અને સોફ્ટવેરની વિશ્વસનીયતા અંગે સ્પષ્ટતા માગી હતી

ઉત્તર પ્રદેશ,તા.૨૭

ઉત્તર પ્રદેશના બલિયામાં મતદાર યાદીમાં નોંધાયેલા એક અસામાન્ય અને વિવાદાસ્પદ નામને લઈને રાજકીય વિવાદ ઊભો થયો છે. વિધાન પરિષદની ચૂંટણી માટેની મતદાર યાદીમાં 'રામ યાદવને મારી નાખ્યો' એવો અર્થ ધરાવતું નામ સામે આવ્યા બાદ આમ આદમી પાર્ટીના નેતાઓએ ચૂંટણી પ્રક્રિયા અને મતદાર યાદી તૈયાર કરવા માટે વપરાતી વ્યવસ્થા અંગે સવાલો ઉઠાવ્યા હતા. આ મુદ્દે શરૂ થયેલી ચર્ચાએ ત્યારે વધુ વેગ પકડ્યો, જ્યારે ઉત્તર પ્રદેશના મુખ્ય ચૂંટણી અધિકારીના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ પરથી કટાક્ષભરી ટિપ્પણી કરવામાં આવી.આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહ અને નેતા રાજેશ યાદવે મતદાર યાદીમાં સામેલ નામ અંગે સવાલ ઉઠાવ્યા હતા. તેમણે ચૂંટણી પંચની કામગીરી અને સોફ્ટવેરની વિશ્વસનીયતા અંગે સ્પષ્ટતા માગી હતી.આના જવાબમાં ઉત્તર પ્રદેશના મુખ્ય ચૂંટણી અધિકારીના સત્તાવાર X હેન્ડલ પરથી એવી ટિપ્પણી કરવામાં આવી હતી કે કમ્પ્યુટર જાતિવાદી નથી અને તે કોઈ જાતિ કે લઘુમતી સાથે ભેદભાવ કરતું નથી. જોકે, આ જવાબમાં વપરાયેલી ભાષા ઓને કટાક્ષભર્યા અંદાજ સામે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. સરકારી સંસ્થાના સત્તાવાર હેન્ડલ પરથી આવી ટિપ્પણી કરવામાં આવતાં રાજકીય વર્તુળોમાં નારાજગી જોવા મળી હતી.વિવાદ વધ્યા બાદ ઉત્તર પ્રદેશના મુખ્ય ચૂંટણી અધિકારી નવદીપ રિનવાએ સત્તાવાર હેન્ડલ પરથી કરવામાં આવેલી ટિપ્પણી અંગે ખેદ વ્યક્ત કર્યો હતો. તેમણે સ્વીકાર્યું હતું કે પોસ્ટમાં વપરાયેલી ભાષા, તેનો લહેજો અને રજૂઆત સરકારી સંસ્થાની ગરિમાને અનુરૂપ નહોતા.

તેમણે આ ટિપ્પણીથી દુઃખી થયેલા અને નારાજ થયેલા લોકોની માફી માગી હતી. સાથે જ, ભવિષ્યમાં સત્તાવાર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર થતી વાતચીતમાં શિષ્ટાચાર, ગૌરવ અને ઔપચારિકતા જાળવવાની ખાતરી આપી હતી.

આ ઘટનાએ સરકારી સંસ્થાઓના સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી કરવામાં આવતી ટિપ્પણીઓની જવાબદારી અને ભાષાના ધોરણો અંગે ચર્ચા જગાવી છે. સત્તાવાર હેન્ડલનો ઉપયોગ નાગરિકોને માહિતી આપવા અને તેમની ફરિયાદોના જવાબ આપવા માટે થતો હોવાથી તેની દરેક રજૂઆતમાં સંયમ અને તટસ્થતા જાળવવી જરૂરી છે.

મતદાર યાદીમાં નોંધાયેલા વિવાદાસ્પદ નામ અંગે ઉઠેલા સવાલો અને ત્યારબાદ થયેલી ટિપ્પણી વચ્ચે હવે મુખ્ય ચૂંટણી અધિકારીની માફીથી વિવાદને શાંત કરવાનો પ્રયાસ થયો છે. જોકે, આ ઘટનાએ ચૂંટણી તંત્રની વિશ્વસનીયતા અને જાહેર સંવાદની શૈલી અંગે ચર્ચાને ફરી આગળ ધપાવી છે.

## શાંતિ મંત્રણાની આશાએ બજારને રાહત

# કાચા તેલના ભાવમાં ઘટાડો, પરંતુ જોખમ યથાવત્‌: બ્રેન્ટ ક્રૂડ ૧૧૫ ડોલરની નજીક

### બંને બેન્ચમાર્ક અગાઉના સપ્તાહમાં નોંધપાત્ર વધારા બાદ ઘટ્યા હતા. ૨૭ ઓક્ટોબરના પ્રારંભિક વેપારમાં પણ ઘટાડાનું વલણ જોવા મળ્યું હતું

નવી દિલ્હી,તા.૨૭

વૈશ્વિક બજારમાં કાચા તેલના ભાવમાં ઘટાડો નોંધાયો છે, પરંતુ પશ્ચિમ એશિયામાં ચાલુ સંઘર્ષને કારણે ઊર્જા પુરવઠા અંગેની અનિશ્ચિતતા હજુ દૂર થઈ નથી. અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ ઘટાડવા માટે ચાલી રહેલા રાજદ્વારી પ્રયાસોએ બજારને થોડી રાહત આપી છે. જોકે, સાઉદી અરેબિયા પર હુમલાઓ અને મહત્ત્વપૂર્ણ દરિયાઈ માર્ગોમાં વેપારી જહાજોની સુરક્ષાને લઈને વધતી ચિંતાઓને કારણે તેલના ભાવ ઊંચા સ્તરે જળવાઈ રહ્યા છે.

૨૬ ઓક્ટોબરના વેપારમાં આંતરરાષ્ટ્રીય બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડના વાયદા પ્રતિ બેરલ ૧૧૫.૮૧ ડૉલરે બંધ થયા હતા, જે અગાઉના બંધ ભાવ કરતાં ૦.૮ ટકા ઓછા હતા. અમેરિકાના વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિયેટ (WTI) ક્રૂડના ભાવમાં ૧.૪૬ ટકાનો ઘટાડો નોંધાયો હતો અને તે પ્રતિ બેરલ ૧૦૧.૭૬ ડૉલરે બંધ થયું હતું. જોકે, બંને બેન્ચમાર્ક અગાઉના સપ્તાહમાં નોંધપાત્ર વધારા બાદ ઘટ્યા હતા. ૨૭ ઓક્ટોબરના પ્રારંભિક વેપારમાં પણ ઘટાડાનું વલણ જોવા મળ્યું હતું.અમેરિકા અને ઈરાન વચ્ચેના સંઘર્ષને ઘટાડવા માટે રાજદ્વારી પ્રયાસો તેજ બનતાં તેલના વેપારીઓમાં આશાવાદ જોવા મળ્યો છે. કતારના મધ્યસ્થીઓએ તણાવ ઘટાડવાના પ્રયાસોના ભાગરૂપે તેહરાનની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત સાઉદી અરેબિયા, તુર્કી અને પાકિસ્તાનના અધિકારીઓએ પણ ઈરાન સાથે ચર્ચા કરી હતી.આ બેઠકોમાં પ્રાદેશિક શાંતિ અને સુરક્ષા અંગે સંવાદ ચાલુ રાખવા સંમતિ સધાઈ હોવાના અહેવાલો છે. જો આ પ્રયાસોથી સંઘર્ષમાં ઘટાડો થાય અને તેલના પરિવહન માર્ગો સામાન્ય બને, તો વૈશ્વિક બજારમાં પુરવઠા અંગેની ચિંતા હળવી થઈ શકે છે.

જોકે, અત્યાર સુધીના રાજદ્વારી પ્રયાસોને કાયમી શાંતિ સમજૂતી તરીકે જોવું વહેલું ગણાશે. બજારની આગળની દિશા મંત્રણામાં થતી પ્રગતિ અને જમીની સ્થિતિ પર નિર્ભર રહેશે.

શાંતિની આશાઓ વચ્ચે સાઉદી અરેબિયા પર થયેલા હુમલાઓએ બજારની ચિંતા વધારી છે. યમનના હૂથી જૂથે સાઉદી અરેબિયાની ઈસ્ટ-વેસ્ટ ક્રૂડ ઓઈલ પાઈપલાઈનના પમ્પિંગ સ્ટેશનો અને રિયાધ એરપોર્ટને નિશાન બનાવ્યાનો દાવો કર્યો હતો. જોકે, પમ્પિંગ સ્ટેશનો અને એરપોર્ટ પર હુમલાના આ દાવાની તાત્કાલિક સ્વતંત્ર પુષ્ટિ થઈ નહોતી.

બીજી તરફ, સાઉદીની આગેવાની હેઠળના ગઠબંધને રિયાધ અને દેશના દક્ષિણ વિસ્તારો તરફ આવી રહેલાં ત્રણ ડ્રોન તોડી પાડ્યાં હોવાની માહિતી આપી હતી. આ ઘટનાઓને કારણે ઊર્જા ઉત્પાદન અને નિકાસ સાથે જોડાયેલા માળખાં પર વધુ હુમલા થવાની શક્યતા અંગે ચિંતા વધી છે.વૈશ્વિક ઊર્જા વેપારમાં હોર્મુઝની સામુદ્રધુની અત્યંત મહત્ત્વપૂર્ણ દરિયાઈ માર્ગ છે. સંઘર્ષ પહેલાં વિશ્વના તેલ અને અન્ય ઊર્જા પુરવઠાનો નોંધપાત્ર હિસ્સો આ માર્ગે પસાર થતો હતો. અહીં જહાજોની અવરજવરમાં વિક્ષેપ સર્જાય તો ક્રૂડ ઓઈલની ઉપલબ્ધતા, પરિવહન ખર્ચ અને વીમા પ્રીમિયમ પર અસર પડી શકે છે.

ઓક્ટોબર દરમિયાન હોર્મુઝની સામુદ્રધુની અને તેની આસપાસના જળમાર્ગોમાં વેપારી જહાજો પરના હુમલાઓમાં વધારો થયો હોવાના અહેવાલો છે. આ પરિસ્થિતિને કારણે તેલના વેપારીઓ અને ઊર્જા કંપનીઓ પરિવહન માર્ગોની સુરક્ષા પર સતત નજર રાખી રહ્યાં છે.જો દરિયાઈ પરિવહનમાં વધુ વિક્ષેપ સર્જાય તો તેલના ભાવ ફરી વધી શકે છે. બીજી તરફ, સુરક્ષામાં સુધારો થાય અને જહાજોની અવરજવર સામાન્ય બને તો ભાવ પરનું દબાણ ઘટી શકે છે.ભારત તેની ક્રૂડ ઓઈલની જરૂરિયાતનો મોટો હિસ્સો આયાત દ્વારા પૂરો કરે છે. તેથી આંતરરાષ્ટ્રીય બજારમાં તેલના ભાવમાં થતો ફેરફાર દેશના આયાત બિલ, રૂપિયાની સ્થિતિ અને મોંઘવારી પર અસર કરી શકે છે.ક્રૂડ ઓઈલના ભાવમાં સતત ઘટાડો થાય તો પેટ્રોલિયમ ઉત્પાદનોના ઉત્પાદન ખર્ચ અને પરિવહન ખર્ચ પર દબાણ હળવું થવાની શક્યતા રહે છે. જોકે, આંતરરાષ્ટ્રીય ભાવમાં ઘટાડો થતાં જ પેટ્રોલ અને ડીઝલના છૂટક ભાવમાં તાત્કાલિક ઘટાડો થશે એવું જરૂરી નથી. તેની અસર કરવેરા, રૂપિયાના વિનિમય દર, રિફાઈનિંગ ખર્ચ અને સ્થાનિક ભાવ નક્કી કરવાની નીતિ પર પણ આધારિત છે.

જો તેલના ભાવ લાંબા સમય સુધી ઊંચા રહે તો ભારતના આયાત ખર્ચ અને મોંઘવારી પર દબાણ વધી શકે છે. બીજી તરફ, ભાવમાં સ્થિર ઘટાડો થાય તો અર્થતંત્રને રાહત મળી શકે છે.

આગામી દિવસોમાં ક્રૂડ ઓઈલના બજાર માટે ત્રણ બાબતો નિર્ણાયક બની શકે છેઃ અમેરિકા-ઈરાન વચ્ચેની મંત્રણામાં પ્રગતિ, સાઉદી અરેબિયા અને આસપાસના વિસ્તારોમાં સુરક્ષાની સ્થિતિ તથા હોર્મુઝની સામુદ્રધુનીમાં જહાજોની અવરજવર.શાંતિ મંત્રણામાં સફળતા મળે તો ભાવમાં વધુ ઘટાડાની શક્યતા બની શકે છે. પરંતુ તેલ ઉત્પાદન અથવા પરિવહન માળખા પર વધુ હુમલા થાય તો બજારમાં ફરી તેજી આવી શકે છે. હાલના સંજોગોમાં માત્ર ભાવના એક દિવસના ઘટાડાને આધારે પુરવઠાની સમસ્યા દૂર થઈ ગઈ છે એવું માનવું યોગ્ય નહીં ગણાય.

### સુપ્રીમ કોર્ટનો માનવતાના ધોરણે નિર્ણય

# બીમાર ભાઈની મુલાકાત માટે ચૈતર વસાવાને 3 દિવસના વચગાળાના જામીન

## સુપ્રીમ કોર્ટનો માનવતાના ધોરણે નિર્ણય; ડેડિયાપાડાના AAP ધારાસભ્યને પરિવાર સાથે સમય વિતાવવાની મળશે તક

અમદાવાદ,તા.૨૭

આમ આદમી પાર્ટીના ડેડિયાપાડાના ધારાસભ્ય અને આદિવાસી નેતા ચૈતર વસાવાને સુપ્રીમ કોર્ટ તરફથી ત્રણ દિવસના વચગાળાના જામીન મળ્યા છે. તેમના બીમાર ભાઈને મળવા માટે કરવામાં આવેલી અરજી પર કોર્ટે આ રાહત આપી છે. આ નિર્ણયથી ચૈતર વસાવાને મર્યાદિત સમય માટે જેલની બહાર આવી પરિવારની મુલાકાત લેવાની તક મળશે.ચૈતર વસાવાના ભાઈની તબિયત ગંભીર હોવાને કારણે પરિવાર સાથે મુલાકાત માટે વચગાળાના જામીનની માગ કરવામાં આવી હતી. આ અરજી પર વિચારણા કર્યા બાદ સુપ્રીમ કોર્ટે ત્રણ દિવસ માટે રાહત મંજૂર કરી છે. પરિવારની મુશ્કેલ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને લેવાયેલા આ નિર્ણયથી તેમના નજીકના સ્વજનોને રાહત મળી છે. વચગાળાના જામીનનો અર્થ મર્યાદિત સમયગાળા માટે જેલમાંથી બહાર રહેવાની મંજૂરી થાય છે. આ રાહત નિયમિત જામીનથી અલગ છે અને તેનો લાભ કોર્ટ દ્વારા નક્કી કરવામાં આવેલી શરતોને આધીન રહેશે. ચૈતર વસાવાએ આ સમયગાળા દરમિયાન અદાલતના આદેશનું પાલન કરવાનું રહેશે.

ચૈતર વસાવાને મળેલી આ રાહતથી તેમના કેસની સમગ્ર કાનૂની સ્થિતિમાં આપમેળે ફેરફાર થતો નથી. ત્રણ દિવસના વચગાળાના જામીન બાદ તેમણે કોર્ટના નિર્દેશ મુજબ આગળની કાર્યવાહી કરવાની રહેશે. હવે આ સમયગાળા દરમિયાન તેઓ પોતાના બીમાર ભાઈને મળી શકશે અને પરિવાર સાથે સમય વિતાવી શકશે.

આ નિર્ણય રાજકીય વર્તુળોમાં પણ ચર્ચાનો વિષય બન્યો છે. જોકે, વચગાળાના જામીનને નિયમિત જામીન અથવા કેસમાંથી મુક્તિ તરીકે જોવાને બદલે તેને પરિવારની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આપવામાં આવેલી મર્યાદિત કાનૂની રાહત તરીકે સમજવું જરૂરી છે.

### ટાટા ગ્રૂપમાં ચેરમેન પદે ખેંચતાણ વધી

# ચંદ્રશેખરણના પુનઃનિયુક્તિ નિર્ણય સામે નોએલ ટાટાએ વાંધો ઉઠાવ્યો

નવી દિલ્હી, તા.૨૭

ટાટા ગ્રૂપમાં ચેરમેનની નિમણૂકને લઈને ખેંચાણ ફરી એકવાર વધી ગયું છે. ટાટા ટ્રસ્ટ્સના ચેરમેન નોએલ ટાટાએ એન. ચંદ્રશેખરણને ટાટા સન્સના આગામી ૫ વર્ષ માટે ચેરમેન જાળવી રાખવાના નિર્ણયને પડકાર્યો છે. તેમણે આ નિમણૂકને નિયમો વિરુદ્ધ ગણાવતા બોર્ડ મીટિંગની વગર એડિટ કરેલી વીડિયો રેકોર્ડિંગ પણ માગી છે. આનાથી દેશના સૌથી મોટા વેપારી જૂથોમાં સામેલ ટાટા ગ્રૂપની અંદર નેતૃત્વ અને કૉર્પોરેટ ગવર્નન્સને લઈને મતભેદો ખુલ્લીને સામે આવી ગયા છે.મીડિયા રિપોર્ટ મુજબ, નોએલ ટાટાએ ટાટા સન્સના કંપની સેક્રેટરી સુપ્રકાશ મુખોપાધ્યાયને પત્ર લખીને ૧૭ સપ્ટેમ્બરની બોર્ડ મીટિંગમાં લેવાયેલા નિર્ણય પર સવાલો ઉઠાવ્યા છે. જ્યારે સૂત્રોના હવાલેથી જણાવ્યું છે કે, નોએલે પાંચ વર્ષ માટેની પુનઃનિમણૂકને અમાન્ય ગણાવી છે. તેમણે ઘણા કારણો ગણાવ્યા છે, જેમાં મીટિંગની નોટિસ અને એજન્ડા પણ સામેલ છે.નોએલ ટાટાનું કહેવું છે કે, ચંદ્રશેખરણની પુનઃનિમણૂકનો પ્રસ્તાવ મીટિંગના નક્કી કરેલા એજન્ડામાં સામેલ નહોતો. તેમના મતે, બેઠકમાં નૉમિનેશન એન્ડ રેમ્યુનરેશન કમિટી તરફથી માહિતી આપવાનો વિષય હતો, પરંતુ આ જ દરમિયાન ચંદ્રશેખરણને આગામી પાંચ વર્ષ માટે ચેરમેન બનાવવાનો પ્રસ્તાવ પસાર કરી દેવામાં આવ્યો. તેમણે મીટિંગની વગર એડિટ કરેલી વીડિયો રેકોર્ડિંગ ઉપલબ્ધ કરાવવાની માગણી કરી છે.૧૭ સપ્ટેમ્બરે યોજાયેલી બોર્ડ મીટિંગમાં ચંદ્રશેખરણને ફરીથી ચેરમેન બનાવવાના પ્રસ્તાવના સમર્થનમાં ચાર ડિરેક્ટરોએ મત આપ્યો, જ્યારે નોએલ ટાટાએ તેનો વિરોધ કર્યો. ટાટા સન્સના બોર્ડમાં ટાટા ટ્રસ્ટ્સના બે નામાંકિત ડિરેક્ટર છે. જેમાં નોએલ ટાટા ઉપરાંત ટીવીએસ મોટરના ચેરમેન એમેરિટસ વેણુ શ્રીનિવાસન સામેલ છે. શ્રીનિવાસને ચંદ્રશેખરણની નિમણૂકના સમર્થનમાં મત આપ્યો હતો.નોએલ ટાટાનો તર્ક છે કે, ટાટા સન્સના આર્ટિકલ્સ ઓફ એસોસિએશન મુજબ, ચેરમેનની નિમણૂક માટે ટાટા ટ્રસ્ટ્સના નામાંકિત ડિરેક્ટરોની સહમતિ જરૂરી છે. આ જ આધારે તેમણે નિમણૂકની વૈધતા પર સવાલો ઉઠાવ્યા છે. જોકે, ટાટા સન્સે અગાઉ આ વાંધાઓને ફગાવી દેતા કાનૂની અભિપ્રાયનો હવાલો આપ્યો હતો. કંપની તરફથી રજૂ કરાયેલા કાનૂની અભિપ્રાયમાં બોર્ડના નિર્ણયને વૈધ ઠેરવવામાં આવ્યો હતો.એન. ચંદ્રશેખરણનો વર્તમાન કાર્યકાળ ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૭ના રોજ સમાપ્ત થવાનો છે. તેમણે ઓગસ્ટ ૨૦૨૬માં સંકેત આપ્યો હતો કે તે ત્રીજા કાર્યકાળ માટે પોતાની જાતને ફરીથી નિયુક્ત કરાવવા માંગતા નથી.ત્યારબાદ ટાટા ટ્રસ્ટ્સે તેમના નિર્ણયને મંજૂર કરતા નવા ચેરમેનની પસંદગીની પ્રક્રિયા શરૂ કરવાની વાત કહી હતી. પરંતુ સપ્ટેમ્બરમાં ટાટા સન્સના બોર્ડે તેમને આગામી પાંચ વર્ષ માટે ફરીથી નિયુક્ત કરવાનો પ્રસ્તાવ મંજૂર કરી લીધો. આ નિર્ણય પછીથી ટાટા ટ્રસ્ટ્સ અને ટાટા સન્સ વચ્ચે મતભેદો સતત વધી રહ્યા છે.ટાટા ટ્રસ્ટ્સ પાસે ટાટા સન્સની આશરે ૬૬ ટકા હિસ્સેદારી છે. ટાટા સન્સ જ ટાટા ગ્રૂપની મુખ્ય હોલ્ડિંગ કંપની છે. આ સ્થિતિમાં ચેરમેનની નિમણૂકને લઈને બંને પક્ષો વચ્ચેના વિવાદની અસર ગ્રૂપના ભવિષ્યના નેતૃત્વ અને કામકાજ સાથે જોડાયેલા નિર્ણયો પર પડી શકે છે.

### રાહુલ ગાંધીનો ચૂંટણી પંચ સામે હલ્લાબોલ

# જ્ઞાનેશ કુમાર રાજીનામું નહીં આપે ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાની ચીમકી

## 30 ઓક્ટોબરે પ્રતીકાત્મક મહાભિયોગની કાર્યવાહી અને ૧ નવેમ્બરે રામલીલા મેદાનમાં 'દિલ્હી ચલો' માર્ચનું આયોજન

નવી દિલ્હી,તા.૨૭

નવી દિલ્હીના ત્રિલોકપુરી ખાતે મંગળવારે યોજાયેલી 'વોટ અધિકાર, જીને કા અધિકાર' જન સુનાવણીમાં લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે આકરા આક્ષેપો કર્યા હતા. તેમણે આરોપ લગાવ્યો હતો કે દેશમાં મતદાર યાદીમાંથી ગરીબ અને સામાન્ય નાગરિકોનાં નામ હટાવવામાં આવી રહ્યાં છે, જેના કારણે તેમના મતાધિકાર પર અસર થઈ રહી છે. આ કાર્યક્રમમાં CPI (ML)ના નેતા દીપાંકર ભટ્ટાચાર્ય અને સ્વરાજ ઈન્ડિયાના યોગેન્દ્ર યાદવ સહિતના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. જન સુનાવણી દરમિયાન મતદાર યાદીમાં કથિત અનિયમિતતાઓ અને મતાધિકાર સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે માત્ર ચાર મતદાન મથકોમાંથી જ ૪૧૬ મતદારોનાં નામ ગેરકાયદેસર રીતે દૂર કરવામાં આવ્યાં છે. તેમણે આક્ષેપ કર્યો કે આ પ્રકારની કાર્યવાહીથી ગરીબો અને સામાન્ય નાગરિકોના લોકશાહી અધિકારોને નુકસાન થઈ શકે છે. જોકે, ૪૧૬ નામો હટાવવાના દાવા અને તે ગેરકાયદેસર હોવાના આરોપોની સ્વતંત્ર પુષ્ટિ અહીં ઉપલબ્ધ માહિતીના આધારે થઈ શકતી નથી. આ અંગે ચૂંટણી પંચનો સત્તાવાર પ્રતિભાવ અને સંબંધિત મતદાર યાદીના દસ્તાવેજો મહત્ત્વપૂર્ણ રહેશે.

રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે મતદાર યાદી સંબંધિત મુદ્દે વિપક્ષ એકજૂટ છે. તેમના જણાવ્યા અનુસાર, મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર રાજીનામું નહીં આપે અથવા વડાપ્રધાન તેમને પદ પરથી નહીં હટાવે ત્યાં સુધી વિરોધ પ્રદર્શન ચાલુ રાખવામાં આવશે. તેમણે આક્ષેપ કર્યો હતો કે મતદાર યાદીમાં થતી કથિત ગેરરીતિઓથી લોકશાહી પ્રક્રિયા પર સવાલો ઊભા થાય છે. આ નિવેદનો કોંગ્રેસ અને વિપક્ષ દ્વારા ચૂંટણી પંચની કામગીરી અંગે વ્યક્ત કરવામાં આવેલી ચિંતાઓનો ભાગ છે.૩૦ ઑક્ટોબર અને ૧ નવેમ્બરે વિરોધ કાર્યક્રમ આંદોલનને આગળ વધારવા માટે કોંગ્રેસે આગામી કાર્યક્રમોની જાહેરાત કરી હોવાનું અહેવાલમાં જણાવાયું છે. ૩૦ ઑક્ટોબર, ૨૦૨૬: મુખ્ય ચૂંટણી કમિશનર સામે પ્રતીકાત્મક મહાભિયોગ જેવી પ્રક્રિયાનું આયોજન.

૧ નવેમ્બર, ૨૦૨૬: દિલ્હીના રામલીલા મેદાનમાં 'દિલ્હી ચલો' માર્ચ અને જનસભાનું આયોજન. અહેવાલ મુજબ, રામલીલા મેદાનમાં રેલી માટેની મંજૂરી પાછી ખેંચવામાં આવી નથી. કોંગ્રેસે ૨૫ ઑક્ટોબરથી ૩ નવેમ્બર સુધી મેદાનના ઉપયોગ માટે પરવાનગી મેળવી હોવાનો પણ ઉલ્લેખ છે. હવે આ સમગ્ર મામલે ચૂંટણી પંચનો સત્તાવાર પક્ષ, મતદાર યાદી અંગેના દાવાઓની તપાસ અને આગામી વિરોધ કાર્યક્રમો પર રાજકીય વર્તુળોની નજર રહેશે.

### તમામ વાહન ચાલકોએ વૈકલ્પિક રૂટ અનુસરવો

# અમરેલીમાં બિનાકા ચોકથી સોમનાથ મંદિર સુધી માર્ગ બનાવવાનો ધમધમાટ

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ

અમરેલી, તા.૨૭

અમરેલી શહેરમાં બિનાકા ચોકથી સોમનાથ મંદિર સુધી રોડ બનાવવાનો હોય, આથી તમામ વાહન ચાલકોએ વૈકલ્પિક રૂટ અનુસરવાના રહેશે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટએ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩(૧)(બી) વૈકલ્પિક રૂટ અંગે જાહેરનામું પ્રસિદ્ધ કર્યુ છે.

વૈકલ્પિક રૂટ-૧ મુજબ રાધેશ્યામ ચોકડીથી સોમનાથ મંદિર થઈ લાઠી રોડ તરફ જતા ભારે વાહનોએ રાધેશ્યામ ચોકડીથી સાવરકુંડલા ચોકડી થઈ લાઠી રોડ પરથી પસાર થવાનું રહેશે.

વૈકલ્પિક રૂટ-૨ મુજબ જકાતનાકા તરફથી આવતા-જતા વાહનો સોમનાથ મંદિર થઈ લાઠી રોડ ચોકડી બાજુ જતા ભારે વાહનોએ જકાતનાકાથી સોમનાથ મંદિરથી રાધેશ્યામ ચોકડીથી લાઠી રોડ પરથી પસાર થવું.

વૈકલ્પિક રૂટ-૩ મુજબ જકાતનાકા તેમજ રાધેશ્યામ ચોકડી તરફ આવતા નાના વાહનો સેન્ટર પોઈન્ટ સુધી જવા જકાતનાકા તેમજ રાધેશ્યામ ચોકડીથી આવતા નાના વાહનો સોમનાથ મંદિરથી જુના જેલ તરફથી બી.આ.પી.એસ મંદિર પાસે થઈ સેન્ટર પોઈન્ટ પરથી પસાર થવું.

વૈકલ્પિક રૂટ-૪ મુજબ ચાવંડ તેમજ લાઠી સાઈડથી સેન્ટર પોઈન્ટથી સોમનાથ મંદિર તરફ આવતા મોટા વાહનોએ લાઠી ચોકડીથી રાધેશ્યામ ચોકડીથી સોમનાથ મંદિર રોડ પરથી પસાર થવાનું રહેશે.

આ જાહેરનામું તા. ૨૭.૧૧.૨૦૨૬ સુધી અમલમાં રહેશે. હુકમના ભંગ બદલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૧ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે.**આલેખન : ધર્મેશ વાળા**

# દામનગર : રેલ્વે ફાટક નં. ૧૧/સી વાહનવ્યવહાર માટે બંધ

અમરેલી, તા. ૨૭

દામનગર શહેર ખાતે દામનગરથી ભુરખીયા તરફ જતા રસ્તા પર આવેલ રેલ્વે ફાટક નં. ૧૧/સી ઉપર ઓવરબ્રિજની કામગીરી પ્રગતિમાં છે. આ કામગીરી શરૂ રહે તે દરમિયાન તમામ વાહનોની અવર-જવર સંપૂર્ણ પણે બંધ કરવામાં આવી છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમરેલી એ.એ. ડોડિયાએ ગુજરાત પોલીસ અધિનિયમ -૩૩(૦૧)(બી) અંતર્ગત જાહેરનામુ પ્રસિદ્ધ કર્યુ છે.

આ માટે લાઠી-ભુરખીયા તરફથી આવતા અને ઢસા- દામનગર તરફથી આવતા જતા વાહનો માટે વૈકલ્પિક રૂટ આપવામાં આવ્યો છે. વાહન ચાલકોએ વૈકલ્પિક રૂટ અનુસરવાનો રહેશે.

વૈકલ્પિક રૂટ-૧ મુજબ, લાઠી ભુરખીયા તરફથી આવતા વાહન ચાલકોએ ગુરૂકુળનાં આગળનાં ભાગેથી બજરંગનગર-છભાડીયા ફાટકથી અવાડા ચોકથી નગરપાલીકા મેઈન રોડ પરથી પસાર થવાનું રહેશે.

વૈકલ્પિક રૂટ-૨ ઢસા-દામનગર તરફથી આવતા વાહનોએ નગરપાલિકા મેઈન રોડ-અવાડા ચોકથી, છભાડીયા ફાટક વાયા બજરંગનગર થઈને ગુરૂકુળનાં આગળનાં ભાગેથી લાઠી-ભુરખીયા રોડ પરથી પસાર થવાનું રહેશે.

આ જાહેરનામું તા. ૧૬/૧૧/૨૦૨૬ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ -૧૩૧માં દર્શાવેલ ષિક્ષાને પાત્ર ઠરશે.

# અમરેલીનાં કવયિત્રી શીલા મહેતાના 'શબ્દશિલ્પી'નાં ગઝલસંગ્રહનો વિમોચન ઉત્સવ યોજાયો



અમરેલી, તા. ૨૭

અમરેલીનાં જાણીતા કવયિત્રી શીલા મહેતા ''શબ્દશિલ્પી'' દ્વારા રચિત ગઝલસંગ્રહ ''પ્રતીક્ષાના દીવા''નો ભવ્ય વિમોચન ઉત્સવ તથા કવિસંમેલન તા. ૨૫/૧૦/૨૦૨૬, રવિવારનાં રોજ શરદપૂર્ણિમાનાં પાવન અવસરે હોટલ એન્જલ ખાતે ઉત્સાહભેર યોજાયો હતો.

કવયિત્રી શીલા મહેતા અમરેલીનાં જાણીતા ભાગવત કથાકાર શાસ્ત્રી સુરેશભાઈ મહેતાનાં ધર્મ પત્ની અને પ્રખર જયોતિશી અને વાસ્તુ શાસ્ત્રનાં જ્ઞાતા જીગરભાઈ મહેતાના માતુશ્રી છે.

આ સાહિત્યિક કાર્યક્રમમાં કવિઓ, કવયિત્રીઓ, સાહિત્યકારો, લેખકો અને સાહિત્યપ્રેમીઓની બહોળી ઉપસ્થિતિએ કાર્યક્રમને ગૌરવપૂર્ણ અને યાદગાર બનાવ્યો હતો. ગઝલસંગ્રહનાં વિમોચન સાથે કાવ્યરસની સુંદર અનુભૂતિ કરાવતા કવિસંમેલનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

ઉપસ્થિત સાહિત્યકારો અને મહાનુભાવો

આ પ્રસંગે સમસ્ત બ્રહ્મસમાજનાં અગ્રણી મુકુંદભાઈ મહેતા, ઔદીચ્ય બ્રહ્મસમજનાં વડિલો અને કવિ કિશોરભાઈ જિકાદરા (ગાંધીનગર), કવિ ડો. અજય રાવલ (ગાંધીનગર ), કાલિન્દીબેન પરીખ, નવીનભાઈ જોશી, ડો. દુર્ગાબેન જોશી, પારૂલબેન ખખ્ખર, મુકેશ દવે, અગનરાજયગુરૂ,ગોપાલભાઈ ધકાણ, ડો. ગોપી રાઠોડ, મુકેશ જોગી, બાલકૃષ્ણ જોગી, પંકજ ચૌહાણ, ધર્મેશ ઉનાગર, ઉમેશભાઈ જોશી, પ્રકાશ મકવાણા, હસમુખ જોષી અને પાયલ ઉનડકટ સહિતનાં સાહિત્યકારો અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત કથાકારો, વેપારી મિત્રો, સોની સમાજનાં મિત્રો તેમજ બહોળી સંખ્યામાં સાહિત્યરસિક ભાઈઓ-બહેનોએ ઉપસ્થિત રહી સમગ્ર કાર્યક્રમને ઉત્સાહપૂર્વક માણ્યો હતો.

કવયિત્રી શીલા મહેતાને ભાવસભર અભિનંદન

ઉપસ્થિત મહાનુભાવો અને સાહિત્યપ્રેમીઓએ કવયિત્રી શીલા મહેતા ''શબ્દશિલ્પી''ની સાહિત્યસાધનાં અને સર્જન પ્રવૃત્તિને બિરદાવી હતી. તેમના આ ગઝલસંગ્રહ ''પ્રતીક્ષાનાં દીવા''નાં પ્રકાશન બદલ સૌએ તેમને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યાં હતાં અને તેમની સાહિત્યયાત્રા ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

આ સમગ્ર કાર્યક્રમ સાહિત્ય, સર્જન અને કાવ્યપ્રેમનો સુંદર સમન્વય બની રહ્યો હતો. ઉપસ્થિત સૌના સ્નેહ, સહકાર અને ઉત્સાહથી આ વિમોચન ઉત્સવ યાદગાર બન્યો હતો.

### સૂકામેના બજારમાં ભાવવધારાની અસર

# દિવાળી પહેલાં ડ્રાયફ્રૂટના ભાવમાં ભડકો, બદામથી પિસ્તા સુધી મોંઘાં

## ભાવ વધવા છતાં તહેવારને ધ્યાનમાં રાખીને ગ્રાહકોની ખરીદી ચાલુ રહેવાની વેપારીઓને આશા છે

રાજકોટ,તા.૨૭

રાજકોટના સૂકામેના બજારમાં આ વખતે ગ્રાહકોએ ગયા વર્ષની સરખામણીએ વધુ કિંમત ચૂકવવી પડી રહી છે. બજારમાં મળતી માહિતી અનુસાર, બદામના ભાવ પ્રતિ કિલો ૮૦૦થી વધીને ૧,૨૦૦ થયા છે. કાજુના ભાવ ૭૦૦થી વધીને ૧,૦૦૦ અને પિસ્તાના ભાવ ૧,૨૦૦થી વધીને ૧,૮૦૦ પ્રતિ કિલો સુધી પહોંચ્યા છે. પિસ્તા મોરાના ભાવમાં પણ મોટો વધારો નોંધાયો છે. ગયા વર્ષે પ્રતિ કિલો ૨,૦૦૦માં મળતા પિસ્તા મોરા આ વર્ષે ૩,૦૦૦ના ભાવે વેચાઈ રહ્યા છે. ચારોળીનો ભાવ પણ પ્રતિ કિલો આશરે ૨,૦૦૦ છે. બીજી તરફ, જરદાળુના ભાવમાં પુરવઠાની અછતને કારણે ૪૦૦થી વધીને ૧,૨૦૦ પ્રતિ કિલો સુધીનો ઉછાળો નોંધાયો છે. આ ભાવવધારાની વચ્ચે અંજીર ખરીદનારાઓને થોડી રાહત મળી છે. અંજીરના ભાવ પ્રતિ કિલો ૧,૨૦૦થી ઘટીને ૬૦૦ થયા હોવાનું બજારની વિગતોમાં જણાવાયું છે.

ડ્રાયફ્રૂટના વેપારીઓના જણાવ્યા અનુસાર, આંતરરાષ્ટ્રીય તણાવની અસર આયાત અને પરિવહન વ્યવસ્થા પર પડી રહી છે. અગાઉ દરિયાઈ માર્ગે આવતા સૂકામેવાના જથ્થાને બદલે કેટલીક આયાત હવાઈ માર્ગે કરવામાં આવી રહી છે, જેના કારણે પરિવહન ખર્ચ વધી રહ્યો છે. વેપારીઓ ના જણાવ્યા મુજબ, બજારની અંદાજિત જરૂરિયાત સામે આયાતનો જથ્થો ઘણો ઓછો છે. આશરે ૨૦૦ કન્ટેનરની જરૂરિયાત સામે માત્ર ૨૦ કન્ટેનર જેટલો જ જથ્થો આવતો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. પુરવઠામાં આ તફાવત ભાવ વધવા પાછળનું એક મહત્ત્વનું કારણ બની રહ્યો છે. રાજકોટ સૌરાષ્ટ્રના મુખ્ય ડ્રાયફ્રૂટ વેપાર કેન્દ્રોમાંનું એક છે. દિવાળી પહેલાંના એક મહિનામાં અહીં સૂકામેવાની માંગમાં નોંધપાત્ર વધારો થાય છે. સામાન્ય રીતે આ સમયગાળામાં ૫૦ કરોડથી ૬૦ કરોડ સુધીનો વેપાર થતો હોવાનું વેપારીઓ જણાવે છે.

આ વર્ષે ભાવમાં વધારો થયો હોવા છતાં તહેવારની માંગને કારણે કુલ વેપાર આશરે ૭૦ કરોડ સુધી પહોંચવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. દિવાળીની મીઠાઈઓ, વિવિધ વાનગીઓ અને નવા વર્ષ દરમિયાન મુખવાસ તરીકે સૂકામેવાનો ઉપયોગ થતો હોવાથી તેની ખરીદીમાં વધારો જોવા મળે છે. ડ્રાયફ્રૂટના વધેલા ભાવને કારણે ઘરેલુ બજેટ પર અસર પડી શકે છે. ખાસ કરીને મીઠાઈઓ અને તહેવારની વાનગીઓ બનાવતા પરિવારોને હવે વધુ ખર્ચ કરવો પડી શકે છે. જોકે, તહેવારની પરંપરા અને માંગને ધ્યાનમાં રાખીને બજારમાં ખરીદી ચાલુ રહેવાની વેપારીઓને અપેક્ષા છે. આગામી દિવસોમાં આયાતનો પુરવઠો કેટલો સુધરે છે અને પરિવહન ખર્ચમાં કેટલી રાહત મળે છે તેના પર ભાવની દિશા નિર્ભર રહેશે. દિવાળી દરમિયાન માંગ ઊંચી રહે અને પુરવઠાની અછત યથાવત્ રહે તો કેટલાક સૂકામેવાના ભાવમાં વધુ દબાણ જોવા મળી શકે છે.

### ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં દિવાળી વેકેશન જાહેર

# ૫ નવેમ્બરથી ૨૧ દિવસની રજા, ૨૬ નવેમ્બરથી નવું શૈક્ષણિક સત્ર શરૂ થશે

## પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીએ પરિપત્ર જાહેર કર્યો; ૫થી ૨૫ નવેમ્બર સુધી વેકેશન, જ્યારે અધ્યાપન મંદિરોમાં ૧૬ નવેમ્બરથી શૈક્ષણિક કાર્ય શરૂ થશે

અમદાવાદ,તા.૨૭

ગુજરાત રાજયની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે દિવાળી વેકેશનની તારીખો જાહેર કરવામાં આવી છે. પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા જાહેર કરાયેલા પરિપત્ર મુજબ, ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન રાજ્યની તમામ માન્યતા પ્રાપ્ત પ્રાથમિક શાળાઓમાં ૫ નવેમ્બરથી ૨૫ નવેમ્બર, ૨૦૨૬ સુધી દિવાળી વેકેશન રહેશે. વિદ્યાર્થીઓને કુલ ૨૧ દિવસની રજા મળશે.

દિવાળી પર્વ નજીક આવતાં જ વિદ્યાર્થીઓ અને વાલીઓ વેકેશનની તારીખોની રાહ જોઈ રહ્યા હતા. હવે સત્તાવાર પરિપત્રમાં તારીખો જાહેર થતાં શાળાઓમાં રજાના આયોજન અંગે સ્પષ્ટતા થઈ છે. પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતો મુજબ, દિવાળી વેકેશન ૫ નવેમ્બર, ૨૦૨૬થી શરૂ થશે અને ૨૫ નવેમ્બર, ૨૦૨૬ના રોજ પૂર્ણ થશે.

વેકેશન શરૂ: ૫ નવેમ્બર, ૨૦૨૬

વેકેશન પૂર્ણ: ૨૫ નવેમ્બર, ૨૦૨૬

કુલ રજાઓ: ૨૧ દિવસ

બીજા શૈક્ષણિક સત્રનો પ્રારંભ: ૨૬ નવેમ્બર, ૨૦૨૬

આ સમયગાળા દરમિયાન પ્રાથમિક શાળાઓમાં નિયમિત શૈક્ષણિક કાર્ય બંધ રહેશે. વેકેશન પૂર્ણ થયા બાદ ૨૬ નવેમ્બરથી શાળાઓમાં બીજા શૈક્ષણિક સત્રની શરૂઆત થશે. પરિપત્રમાં માધ્યમિક શાળાઓના વેકેશન અંગે પણ સૂચના આપવામાં આવી છે. જિલ્લા શિક્ષણાધિકારીઓ અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓએ પરસ્પર સંકલન કરીને વેકેશનની તારીખો નક્કી કરવાની રહેશે, જેથી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓને એકસરખા સમયગાળામાં વેકેશન મળી શકે. આ ઉપરાંત, સરકારી અને ગ્રાન્ટેડ અધ્યાપન મંદિરો, બાલ અધ્યાપન મંદિરો, સ્વનિર્ભર PTC કોલેજો તથા સંબંધિત શૈક્ષણિક સંસ્થાઓને પણ પરિપત્રની જાણ કરવાની સૂચના આપવામાં આવી છે. પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે ૨૧ દિવસનું વેકેશન જાહેર કરવામાં આવ્યું છે, પરંતુ અધ્યાપન મંદિરોના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે અલગ વ્યવસ્થા રાખવામાં આવી છે.

NCTEના ધોરણો અનુસાર જરૂરી કાર્યદિવસો પૂર્ણ કરવાના હોવાથી તમામ અધ્યાપન મંદિરોમાં ૧૬ નવેમ્બર, ૨૦૨૬થી શૈક્ષણિક કાર્ય ફરી શરૂ થશે.

### દુષ્કાળ સહાય મુદ્દે ખેડૂતોમાં ભારે નારાજગી

# હેક્ટરદીઠ ૮,૫૦૦ની સહાય સામે ખેડૂતોનું આંદોલનનું એલાન

## સહાયના ધોરણો બદલવા અને 3 લાખ સુધીનું ખેતધિરાણ માફ કરવાની માગ, ૧૨ નવેમ્બરથી લડતની ચીમકી

ગાંધીનગર, તા.૨૭

ગુજરાતમાં ચાર જિલ્લાઓને દુષ્કાળગ્રસ્ત જાહેર કર્યા બાદ રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી આર્થિક સહાય સામે ખેડૂતોમાં નારાજગી જોવા મળી રહી છે. હેકટરદીઠ માત્ર ૮,૫૦૦ રૂપિયાની સહાયને ખેડૂતોના પ્રશ્નોનું પૂરતું નિરાકરણ ન ગણાવતા દ્વારકાના ખેડૂત આગેવાનોએ સરકારને નિર્ણય પર ફેરવિચારણા કરવાની માગ કરી છે. જો સહાયના ધોરણોમાં ફેરફાર કરવામાં નહીં આવે, તો આગામી ૧૨ નવેમ્બરથી સરકાર સામે ઉગ્ર આંદોલન શરૂ કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.ગુજરાત પ્રવાસ ગાઈડખેડૂત આગેવાનોએ સરકાર સમક્ષ દુષ્કાળ સહાયના ધોરણોમાં ફેરફાર કરવા ઉપરાંત ખેડૂતોનું ૩ લાખ રૂપિયા સુધીનું ખેતધિરાણ માફ કરવાની માગ કરી છે.

ખેડૂત આગેવાનોના જણાવ્યા અનુસાર, અગાઉ દુષ્કાળની સ્થિતિમાં ખેડૂતોને ૧૫૦ ટકા સુધીનો પાકવીમો મળતો હતો. તે સમયે પાકવીમા ઉપરાંત આપત્તિ રાહત ભંડોળમાંથી પણ સહાય મળતી હોવાથી ખેડૂતોને બેવડો લાભ મળતો હતો. ખેડૂત નેતાએ આક્ષેપ કર્યો કે વર્તમાન સરકારે પાકવીમા યોજના બંધ કરીને ખેડૂતોને મુશ્કેલીમાં મૂક્યા છે. તેમના મતે, દુષ્કાળની સ્થિતિમાં જાહેર કરવામાં આવેલી સહાય ખેડૂતોને થયેલા નુકસાનની સરખામણીમાં અપૂરતી છે.રાજ્ય સરકારના નિર્ણય મુજબ, નિર્ધારિત ધોરણો અનુસાર હેક્ટરદીઠ ૮,૫૦૦ રૂપિયાની સહાય આપવામાં આવશે. જોકે, આ સહાય મહત્તમ બે હેક્ટરની મર્યાદામાં જ મળશે. પશુ શિબિરોમાં રાખવામાં આવતા પશુઓ માટે પશુદીઠ રોજના ૮૦ રૂપિયા લેખે બે મહિના સુધીની સહાય સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડમાંથી ચૂકવવામાં આવશે. આ ઉપરાંત, ગ્રામીણ વિસ્તારોમાં રોજગારીની તકો ઊભી કરવા માટે વી.બી.જી. રામ જી. યોજના હેઠળ ૧૫૦ માનવદિનની રોજગારી આપવાની જોગવાઈ કરવામાં આવી છે. દુષ્કાળ નિર્ધારણ માર્ગદર્શિકા-૨૦૧૬ અનુસાર ઉચ્ચ સ્તરીય બેઠકો બાદ લેવાયેલો આ નિર્ણય ૧ નવેમ્બર, ૨૦૨૬થી અમલમાં આવવાનો છે. સરકારના જણાવ્યા અનુસાર, જૂન-જુલાઈ ૨૦૨૬થી કલેક્ટરોને વિશેષ સત્તા આપીને અત્યાર સુધીમાં ૧.૨૧ કરોડ કિલોગ્રામ ઘાસનું પ્રતિ કિલોગ્રામ ૨ રૂપિયાના રાહત દરે વિતરણ કરવામાં આવ્યું છે.

હાલ ૩ કરોડ કિલોગ્રામ ઘાસનો જથ્થો અનામત રાખવામાં આવ્યો છે અને વધારાના ઘાસની ખરીદી પણ શરૂ કરવામાં આવી છે. બીજી તરફ, આગામી ગ્રામ પંચાયતની ચૂંટણીઓ પહેલાં દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં સહાય જાહેર કરવાના નિર્ણયને રાજકીય વર્તુળોમાં ડેમેજ કંટ્રોલ તરીકે જોવામાં આવી રહ્યો છે. ખેડૂતો અને પશુપાલકોની નારાજગી વચ્ચે સહાયના ધોરણો અંગે સરકાર શું નિર્ણય લે છે અને ૧૨ નવેમ્બરથી આંદોલન શરૂ થાય છે કે નહીં તેના પર સૌની નજર રહેશે.

### સામાજિક કાર્યકતા કાંતિલાલ પરમાર દ્વારા

# અમરેલી તાલુકા અને જિલ્લાની ગ્રામ પંચાયતોમાં સરપંચ પદનાં રોટેશનને આવકાર

## વંચિતો અને મહિલાઓને નેતૃત્વની સુવર્ણ તક

અમરેલી, તા. ૨૭

રાજય ચૂંટણી આયોગની સૂચનાઓ તથા ગુજરાત પંચાયત અધિનિયમ મુજબ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર દ્વારા અમરેલી તાલુકા અને જિલ્લાની ગ્રામ પંચાયતોના સરપંચ પદની બેઠકોની વારાફરતી ફાળવણી (અનામત રોટેશન) અંગે બહાર પાડવામાં આવેલા જાહેરનામાને જશવંતગઢ (અમરેલી) સ્થિત જાણીતા માનવ અધિકાર કાર્યકર્તા કાંતિલાલ પરમારે સહર્ષ આવકારી વિસ્તૃત નિવેદન આપ્યું છે.

તેઓએ જણાવ્યું હતું કે, ભારત દેશનો આત્મા ગામડાંઓમાં વસે છે અને ગ્રામ્ય સ્તરની પંચાયતી રાજ વ્યવસ્થાએ આપણી લોકશાહીની કરોડરજજુ સમાન છે. જયારે ગામડાનો વહીવટ સ્થાનિક લોકોનાં હાથમાં આવે છે, ત્યારે જ છેવાડાનાં સામાન્ય માનવી સુધી બંધારણીય અધિકારો અને સાચો વિકાસ પહોંચી શકે છે. આ રોટેશન આદેશથી સમગ્ર અમરેલી તાલુકા અને જિલ્લાનાં ગ્રામીણ વિસ્તારોમાં સત્તાનું વિકેન્દ્રી કરણ થશે અને લોકશાહી વ્યવસ્થા પાયાનાં સ્તરેથી વધુ મજબૂત બનશે.

ગામનાં રસ્તા, શુદ્ધ પીવાનું પાણી, પ્રાથમિક આરોગ્ય, શિક્ષણ, ગટર વ્યવસ્થા અને રોજગારી જેવા પાયાનાં પ્રશ્નોને સ્થાનિક લોકો જેટલી બારીકાઈથી સમજી શકે છે તેટલું બીજું કોઈ સમજી શકતું નથી. અમરેલી તાલુકા અને જિલ્લાનાં ગ્રામજનો પોતે સરપંચ બનીને વહીવટ સંભાળશે ત્યારે વહીવટી પારદર્શિતા વધશે અને ભ્રષ્ટાચારમુક્ત લોકભાગીદારીનું નિર્માણ થશે.

આદેશ મુજબ અમરેલી તાલુકા તાલુકાની ૬૭ ગ્રામ પંચાયતો પૈકી અનુસૂચિત જાતિ માટે ૯ બેઠકો અને સામાજિક-શૈક્ષણિક રીતે પછાત વર્ગ (એસઈબીસી/ઓબીસી) માટે ૨૭% મુજબ ૧૮ બેઠકો અનામત રાખવામાં આવી છે. બાબાસાહેબ ડો. ભીમરાવ આંબેડકરજીનાં બંધારણીય મૂલ્યો અનુસાર આ વ્યવસ્થાથી સમગ્ર તાલુકા અને જિલ્લાનાં દલિત તથા પછાત સમાજના ભાઈ-બહેનોને પણ ગામના વડા બની નેતૃત્વ કરવાની વાસ્તવિક તક મળશે, જે સામાજિક ન્યાય અને સમાનતાનું મોટું કદમ છે.

આ રોટેશનમાં અમરેલી તાલુકામાં મહિલાઓ માટે વિશેષ પ્રાધાન્ય આપીને જઈ વર્ગમાં ૫ બેઠકો, એસઈબીસી વર્ગમાં ૯ બેઠકો તથા બિન અનામત સામાન્ય વર્ગમાં ૨૦ બેઠકો મળીને તાલુકામાં મોટા પાયે મહિલા સરપંચો માટે બેઠકો અનામત રાખવામાં આવી છે. આનાથી અમરેલી પંથકનાં ગ્રામીણ ક્ષેત્રે મહિલા સશક્તિકરણને મોટું બળ મળશે અને નારી શક્તિ ગામનાં વિકાસ કાર્યોમાં સીધો નિર્ણય લઈ શકશે.

માનવ અધિકાર કાર્યકર્તા તરીકે તેમણે અમરેલી તાલુકા અને જિલ્લાનાં તમામ ગ્રામજનોને અપીલ કરી છે કે આગામી પંચાયત ચૂંટણીઓમાં કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ, લાલચ કે દબાણ વગર ગામના હિત, માનવ અધિકારોનું રક્ષણ અને સાચા વિકાસ માટે કામ કરી શકે તેવા શિક્ષિત, પ્રામાણિક અને સેવાભાવી ઉમેદવારોને સમર્થન આપી પંચાયતનો વહીવટ સોંપવો જોઈએ.

ગામડા આત્મનિર્ભર અને મજબૂત બનશે તો જ તાલુકો, જિલ્લો અને સમગ્ર રાજય મજબૂત બનશે. આ આદેશ ગ્રામીણ સ્તરે સત્તાનાં વિકેન્દ્રીકરણ અને લોકશાહીના સુદ્રઢીકરણ માટે ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થશે.

# બાબરામાં સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા ગાયત્રી મંદિરે બ્રહ્મ રાસોત્સવની ઉજવણી






તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા શહેરમાં સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા ગાયત્રી મંદિરે બ્રહ્મરાસોત્સવની ભક્તિભાવપૂર્ણ માહોલમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે બ્રહ્મસમાજની મોટી સંખ્યામાં મહિલાઓએ માતાજીના રાસ–ગરબા રમી ભક્તિભાવપૂર્વક આરાધના કરી હતી. ધાર્મિક આસ્થા, સામાજિક એકતા અને સંસ્કૃતિનાં સમન્વય સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં સમાજનાં અગ્રણીઓ સહિત બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા આયોજિત આ રાસ–ગરબાનાં કાર્યક્રમમાં સમાજની મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. માતાજીની આરાધના સાથે પરંપરાગત રાસ–ગરબાની રમઝટ બોલાવી સમગ્ર વાતાવરણ ભક્તિમય બનાવ્યું હતું. આ ઉપરાંત, નાના બાળકોને પ્રોત્સાહિત કરવા માટે ઈનામો આપવામાં આવ્યાં હતાં અને તેમની પ્રતિભાને બિરદાવવામાં આવી હતી. આ પ્રસંગે સમસ્ત બ્રહ્મસમાજનાં અગ્રણી હસુભાઈ જોશી (મુખ્યાજી), નરૂભાઈ ત્રિવેદી, અતુલભાઈ ત્રિવેદી, અરવિંદભાઈ ત્રિવેદી, ડો. પ્રવીણભાઈ ત્રિવેદી, પંકજ ઈન્દ્રોડિયા, નરેન્દ્રભાઈ રાવલ, ભાર્ગવભાઈ ત્રિવેદી, સંજયભાઈ જોશી, બાબરા નગરપાલિકાનાં ઉપપ્રમુખ યજ્ઞેશભાઈ શુકલ, દેવાંગભાઈ જાની, પી.પી. જોશી, જગદીશ ભટ્ટજી, વિપુલભાઈ ત્રિવેદી, ઋષી રાવલ, મુકેશભાઈ મહેતા સહિત બ્રહ્મસમાજનાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા મહિલા બ્રહ્મસમાજનાં અગ્રણી શ્વેતાબેન જોશીએ વિશેષ જહેમત ઉઠાવી હતી. જયારે સમગ્ર આયોજનને સફળ બનાવવા વિપુલભાઈ ત્રિવેદી, જગદીશ ભટ્ટજી અને યજ્ઞેશભાઈ શુકલ સહિતનાં આગેવાનોએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા આયોજિત આ બ્રહ્મરાસોત્સવ ધાર્મિક આસ્થા, સામાજિક સમરસતા અને પરંપરાગત સંસ્કૃતિને ઉજાગર કરતો બની રહ્યો હતો.

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલીની સિંચાઈ કચેરીમાં

માગતા ન હોવાથી તેમણે અમરેલી એસીબી પોલીસ સ્ટેશનમાં રૂબરૂ જઈ ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદના આધારે એસીબી દ્વારા લાંચના છટકુ આવ્યું હતું.

આજે ૨૭ ઓકટો. ના રોજ અમરેલીના બહુમાળી ભવનની 'સી' –વિંગના ત્રીજા માળે આવેલી સિંચાઈ કચેરીમાં જ એસીબીની ટીમે છટકુ ગોઠવી અને કાર્યવાહી હાથ ધરી આ દરમિયાન આરોપી સિંચાઈ વિભાગના જુનિયર કલાર્ક રાકેશ વિનોદરાય ભટ્ટે (રહે. રોયલ પાર્ક સોસાયટી, લાઠી રોડ, અમરેલી) આ જાગૃત નાગરિક સાથે વાતચીત કરી હતી. અને તેમના કહેવાથી આરોપી કરાર આધારિત પટ્ટાવાળા જયદીપ ચતુરભાઈ હરિયાણી (રહે. બ્રાહ્મણ સોસાયટી, શેરી નંબર–૫, લાઠી રોડ, અમરેલી) એ આ જાગૃત નાગરિક પાસેથી રૂપિયા ૫૧ હજારની લાંચની રકમ સ્વીકારી હતી. એસીબીની ટીમે બંને આરોપીઓને ઝડપી પાડી લાંચની સંપૂર્ણ રૂપિયા ૫૧ હજારની રકમ રિકવર કરી હતી.

આ સમગ્ર ટ્રેપની કાર્યવાહી અમરેલી એસીબી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર ડી.બી. ડાભીના નેતૃત્વમાં એસીબીના સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવી હતી.

પાના ૧ ઉપરનું ચાલું
## વડિયામાં એક કિ.મી.માં ૭ સ્પીડ બ્રેકર

બ્રેકરો અકસ્માત ઘટાડવા બન્યા છે કે અકસ્માત સર્જવા તે મુદ્દો લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે. બીજી બાજુ સ્પીડ બ્રેકરોને કારણે સર્જાતા અકસ્માતોથી અનેક પ્રશ્નો માર્ગ અને મકાન વિભાગની કામગીરી સામે ઉભા થતા જોવા મળી રહ્યા છે. જેમા શું નેશનલ હાઈવે પર સ્પીડ બ્રેકર બનાવી શકાય ? નેશનલ હાઈવે પર સ્પીડ બ્રેકર બનાવવાની જબાબદારી માર્ગ અને મકાન વિભાગની છે ? એક કિલોમીટરમાં સાત સ્પીડ બ્રેકર કેટલા યોગ્ય ? સ્પીડ બ્રેકર પર રેડિયમ લાઈટો અને સફેદ પટ્ટા મારવાની જવાબદારી કોની ? સફેદ પટ્ટા અને રેડિયમ લાઈટોના અભાવે થયેલા અકસ્માતો માટે કોણ જવાબદાર ? શું માર્ગ અને મકાન વિભાગ બિન જરૂરી સ્પીડ બ્રેકર હટાવશે ? સફેદ પટ્ટા અને રેડિયમ લાઈટો લગાવશે ? કે હજુ અકસ્માતોની હારમાળા સર્જાતી જ રહેશે તે તો આવનારો સમય જ બતાવશે.

પરંતુ ન્યાય મંદિર સામેના ભાગમાં અકસ્માતોની સંખ્યા વધતા અને લોકો ગંભીર ઘાયલ થતા વડિયા મામલતદાર ઓફિસના સ્ટાફના ધ્યાને આવતા માનવતા દાખવીને અકસ્માતોમાં નિર્દોષ લોકોનો ભોગ ના લેવાય તેવા શુભ આશયથી સફેદ પટ્ટા પાકા કલરના મરાવ્યા છે જયારે અન્ય સ્પીડ બ્રેકરો હજી અકસ્માત સંભવ ક્ષેત્ર બન્યા છે. ત્યારે વડિયા–કુંકાવાવ તાલુકાનું માર્ગ અને મકાન વિભાગના જાડી ચામડીના કુંભકર્ણની નિદ્રામાં સુતેલા અધિકારીઓ સ્થળ નિરીક્ષણ કરી પોતાની જવાબદારીમાં આવતું તમામ કાર્ય પૂર્ણ કરે અને જરૂરિયાત વગરના સ્પીડ બ્રેકરો આ રોડ પરથી હટાવે તેવી સ્થાનિકોની લોક માંગણી જોવા મળી રહી છે. હવે જોવાનું એ રહ્યું કે માર્ગ અને મકાન વિભાગનું તંત્ર જાગીને આ કામગીરી કરાવે છે કે પછી દિવાળીના તહેવાર ઉપર વાહનોની અવર જવર વધતા પેધી ગયેલા આર એન્ડ બી વિભાગના જાડી ચામડીના અધિકારીઓના પાપે હજુ અકસ્માતોની હરમાળા શરૂ જ રહેશે અને નિર્દોષ લોકો તેનો ભોગ બનતા જ રહેશે. આ બાબતે અધિકારીઓ સાથે ચૂંટાયેલા સ્થાનિક નેતાઓ પણ જાગે તે ખુબ જરૂરી છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૮૨૨ | ૧૯૦૦ |
| ૨ | મગફળી | ૧૩૦૦ | ૧૪૦૬ |
| ૩ | તલ સફેદ | ૨૬૭૫ | ૩૩૨૫ |
| ૪ | જુવાર સફેદ | ૧૨૮૦ | ૧૪૦૦ |
| ૫ | સોયાબીન | ૧૩૦૦ | ૧૩૭૮ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૩૬૫ | ૧૫૪૫ |
| ૨ | ગિરનાર શીંગ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ૩ | શિંગ મોટી | ૧૦૫૦ | ૧૭૧૦ |
| ૪ | તલ સફેદ | ૨૦૪૦ | ૩૬૦૦ |
| ૫ | તલ કાળા | ૨૫૦૦ | ૪૦૯૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૯૧૦ | ૨૯૧૦ |
| ૭ | બાજરો | ૩૭૦ | ૫૬૦ |
| ૮ | જુવાર | ૪૦૦ | ૧૫૧૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૭૬૦ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૦૦ | ૬૭૫ |
| ૧૧ | મકાઈ | ૩૦૦ | ૬૧૫ |
| ૧૨ | મગ | ૧૨૫૦ | ૧૭૫૦ |
| ૧૩ | અડદ | ૧૬૪૫ | ૧૮૭૦ |
| ૧૪ | ચણા | ૧૧૦૦ | ૧૪૭૫ |
| ૧૫ | છોલે ચણા | ૯૮૦ | ૨૦૦૫ |
| ૧૬ | ચોળી | ૯૬૦ | ૧૬૦૦ |
| ૧૭ | તુવેર | ૧૨૦૦ | ૧૯૩૫ |
| ૧૮ | કપાસ | ૧૩૦૦ | ૧૯૬૦ |
| ૧૯ | એરંડા | ૧૩૦૦ | ૧૪૮૦ |
| ૨૦ | જીરૂ | ૩૯૦૦ | ૪૯૦૦ |
| ૨૧ | રાય | ૧૪૮૦ | ૧૭૯૦ |
| ૨૨ | ધાણી | ૨૦૦૦ | ૩૩૪૦ |
| ૨૩ | મેથી | ૧૧૧૦ | ૧૩૨૫ |
| ૨૪ | સોયાબીન | ૧૦૯૦ | ૧૪૧૫ |
| ૨૫ | કલોંજી | ૩૫૦૦ | ૩૫૦૦ |

પાના ૧ ઉપરનું ચાલું
## લીલીયા મોટાનાં ૨ આશાસ્પદ યુવકોનાં

પ્રસરી છે.પ્રાપ્ત વિગતો અનુસાર, લીલીયાના મહંમદભાઈ હસનભાઈ સુમરા ભાર રિક્ષા ભાડે લઈનેગારિયાધાર ગયા હતા. ત્યાં અચાનક હાર્ટ એટેક આવતાં તેમનું દુઃખદ અવસાન થયું હતું.

આ ઘટનાથી તેમના પરિવારજનો પર દુઃખનો પહાડ તૂટી પડયો છે.બીજી તરફ, લીલીયા મોટા ખાતે પ્લમ્બર તરીકે કામ કરી પોતાની આગવી ઓળખ ધરાવતા મનસુખભાઈ મગનભાઈ માણસુરિયાનું પણ અચાનક હાર્ટ એટેક આવતાં અવસાન થયું હતું. તેમના નિધનના સમાચારથી સ્થાનિક લોકોમાં શોકની લાગણી ફેલાઈ હતી.આમ, માત્ર બે દિવસના ટૂંકાગાળામાં બે આશાસ્પદ અને લોકઉપયોગી વ્યક્તિઓના અચાનક નિધનથી લીલીયા પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે. બંનેના અકાળે અવસાનથી પરિવારજનોએ સ્વજન ગુમાવ્યાં છે, જયારે પરિચિતો અને સ્થાનિક લોકોએ બે સારા વ્યક્તિત્વોને ગુમાવ્યાનું દુઃખ વ્યક્ત કર્યુ છે. લીલીયા પંથકમાં બે દિવસમાં બનેલી આ બે દુઃખદ ઘટનાઓએ સૌને શોકમગ્ન કરી દીધા છે તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલીથી ખીજડીયા (જંકશન) વચ્ચે

ચિતલ, લાઠી અને વડિયા ખાતે સ્ટોપ આપવામાં આવે તેવી રજૂઆત કરાઈ હતી. અમરેલીના વેપારીઓને અમદાવાદ જવા–આવવા માટે અનુકૂળ સમયની સીધી ટ્રેન સેવા શરૂ કરવા અને ધારી–મહુવા વચ્ચે બંધ થયેલી મીટરગેજ સેવા તાત્કાલિક પુનઃ શરૂ કરવાની માંગણી પણ કરવામાં આવી હતી.

હાલની સુરત–અમદાવાદ ટ્રેનમાં કાંઈક વધુ સુવિધા અને દિવાળી દરમિયાન વિશેષ ટ્રેન જાહેર કરવા, ઢસા–જેતલસર બ્રોડગેજ થયા બાદ સુરત તરફ સીધી ટ્રેન શરૂ કરવા તથા અમરેલી રેલવે સ્ટેશનનો વિકાસ કરવા રજૂઆતમાં ભાર મૂકવામાં આવ્યો હતો. અમરેલી સ્ટેશન પર પ્લેટફોર્મ, બેન્ચ, રોડ, પીવાના પાણી, શૌચાલય, પાર્કિંગ અને દિવ્યાંગો માટેની સુવિધાઓ વિકસાવવાની જરૂરિયાત દર્શાવવામાં આવી હતી. લાઠી રોડ ઓવરબ્રિજ અને ઘોણા ફાટકની સમસ્યાનો ઉકેલ લાવવા પણ માંગણી કરવામાં આવી હતી. રજૂઆત મુજબ લાઠી રોડ ઓવરબ્રિજનું કામ ગૂંચવાયેલું છે, જયારે ઘોણા ફાટક વારંવાર બંધ રહેતાં વાહનચાલકો અને સ્થાનિક લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ત્યાં ઓવરબ્રિજની કામગીરી ઝડપથી પૂર્ણ થાય અને ત્યાં સુધી યોગ્ય વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે તેવી રજૂઆત કરાઈ હતી.

આ ઉપરાંત અમરેલી જિલ્લાના વેપારીઓ અને ઉદ્યોગકારોને માલસામાનની હેરફેર માટે લાંબા અંતરની માલગાડીની સુવિધા શરૂ કરવા, ભાવનગર–ઓખા વચ્ચેની ટ્રેનને બ્રોડગેજનું કામ પૂર્ણ થયા બાદ ફરી શરૂ કરવા તથા અમરેલીથી અમદાવાદની સીધી ટ્રેન સેવા શરૂ કરવા માંગણી કરવામાં આવી હતી. અમરેલીથી અમદાવાદ જતી ટ્રેન હાલમાં બોટાદ થઈને વાયા સુરેન્દ્રનગર જાય છે, જેના કારણે મુસાફરીમાં સમય અને અંતર વધે છે. સીધી ટ્રેન શરૂ થાય તો મુસાફરોને રાહત મળી શકે તેમ રજૂઆતમાં જણાવાયું હતું. અમરેલી જિલ્લામાં રેલવે વિકાસ અને મુસાફરોની સુવિધા સાથે સંકળાયેલા આ મુદ્દાઓ અંગે રેલવે વિભાગ દ્વારા શું કાર્યવાહી કરવામાં આવે છે તેના પર હવે સ્થાનિક લોકો અને રેલવે સુવિધા માટે કાર્યરત સંગઠનોની નજર રહેશે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૭૪૫ | ૧૯૨૮ |
| ૨ | મગફળી | ૧૪૮૫ | ૧૫૫૫ |
| ૩ | ઘઉં | ૫૨૧ | ૫૫૦ |
| ૪ | છોલે ચણા | ૧૬૦૧ | ૧૬૦૧ |
| ૫ | સોયાબીન | ૧૩૨૫ | ૧૪૧૯ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૫૦ | ૧૬૦૧ |
| ૨ | શીંગ મોટી | ૧૩૦૦ | ૧૬૭૦ |
| ૩ | તલ સફેદ | ૨૮૫૦ | ૩૨૬૬ |
| ૪ | તલ કાળા | ૩૨૭૫ | ૪૧૦૦ |
| ૫ | જીરૂ | ૩૯૦૦ | ૪૮૬૭ |
| ૬ | કપાસ | ૧૮૯૦ | ૧૯૫૦ |
| ૭ | ઘઉં લોકવન | ૫૫૦ | ૬૧૧ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૭૦ | ૬૮૪ |
| ૯ | બાજરો | ૪૦૦ | ૫૪૦ |
| ૧૦ | જુવાર | ૧૦૦૦ | ૧૫૩૦ |
| ૧૧ | મગ | ૧૩૦૦ | ૧૪૫૧ |
| ૧૨ | અડદ | ૧૭૦૦ | ૨૧૦૦ |
| ૧૩ | ચણા | ૧૨૦૦ | ૧૪૩૦ |
| ૧૪ | દેશી ચણા | ૧૨૫૦ | ૧૫૨૧ |
| ૧૫ | તુવેર | ૧૪૦૦ | ૧૮૫૧ |
| ૧૬ | ધાણા | ૨૭૦૦ | ૩૧૦૦ |
| ૧૭ | સોયાબીન | ૧૨૭૦ | ૧૪૩૦ |


## –:: જાહેર નોટિસ ::–

અમો નીચે સહી કરનાર કૌશલભાઈ બી. પંડયા, એડવોકેટ–અમરેલી ના આથી અમારા અસીલ ભાવીનગીરી નટવરગીરી ગૌસ્વામી, રહે.ધારી, તા.જી.અમરેલી ના દ્વારા મળેલ સુચના અન્વયે આ જાહેર નોટીસથી લાગતા– વળગતા સર્વોને જાણ કરીએ છીએ કે, અમરેલી જીલ્લાના ધારી તાલુકાના ધારી ગામના રેવન્યુ સર્વે નંબર ૪૩૨/૨ વાળી જમીન મહે.જિલ્લા વિકાસ અધિકારી સાહેબ–અમરેલીના હુકમ નં. મેસુ/૧ બખપ/એસઆર/૨/૨૬/૧૯૮૯/૯૦ તા.૨૬/૪/૧૯૯૦ ના હુકમથી રહેણાંકના હેતુ માટે બીનખેતીમા ફેરવાયેલ છે તેમજ સને–૧૯૯૬ ના હુકમથી સુધારેલ નકશાઓ મંજુર કરવામા આવેલા છે. તે માહેના પ્લોટ નં.૩૩ની જમીનના અમારા અસીલ વેચાણલેખથી માલીક થયેલા અને ત્યારબાદ તેમા તેઓએ રહેણાંક મિલ્કત બનાવેલ છે. સદરહુ મિલ્કત વાળી ધારીના રેવન્યુ સર્વે નંબર ૪૩૨/૨ વાળી જમીન શ્રી દિલીપકુમાર કેશવલાલ, કિર્તીકુમાર કેશવલાલ તથા મુકેશકુમાર કેશવલાલની સયુંકત માલીકીની હતી., જે બીનખેતીમા ફેરવાયા બાદ તે માહે આવેલા પ્લોટોની ઘરમેળે ભાઈઓ ભાગે ઘરમેળે વહેંચણી થતા પ્લોટ નં.૨૪ થી ૩૫ તથા પ્લોટ નં.૫૨ થી ૬૭ ની જમીનો મુકેશકુમાર કેશવલાલ સંઘરાજકાના માલીકી હકકે આવેલ તેવુ તેઓએ શ્રી દિલીપકુમાર કેશવલાલ સંઘરાજકા ને આપેલ કુલમુખત્યારપત્રમા જાહેર કરેલ છે. મુકેશકુમાર કેશવલાલ સંઘરાજકાના હિસ્સામા વહેંચણીથી આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં.૩૩ ની જમીન ચો.મી.૧૨૬–૦૦ મુકેશકુમાર કેશવલાલ સંઘરાજકા પાસેથી રજીસ્ટર્ડ વેચાણલેખ નં.૧૭૦ તા.૧૬/૩/૧૯૯૮ થી અમારા અસીલે વેચાણ રાખેલ છે. અને ત્યારબાદ તેમા રહેણાંક મિલ્કત બનાવેલ છે. આ જમીન–મિલ્કત સબંધે અમારા અસીલે અમારા પાસેથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ મિલ્કત સબંધે કોઈ ઈસમ/વ્યકિતનુ કે, કોઈ નાણાકીય સંસ્થા કે, સરકારી, સહકારી કે અર્ધસરકારી સંસ્થાનુ હીત સમાયેલ હોય કે, ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામા આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગભાગ, હકક–હિસ્સો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૩મા લેખીતમા આધાર–પુરાવા સાથે રજીસ્ટર પોષ્ટ એ.ડી.થી જણાવવુ. અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા–તકરાર નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામા આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામા આવશે નહી જેની લાગતા–વળગતા સર્વેએ નોંધ લેવી.

તા.૨૮/૧૦/૨૦૨૬

**કૌશલભાઈ બી. પંડયા**
**એડવોકેટ એન્ડ નોટરી**
અંબિકા ચેમ્બર્સ, માણેકપરા, અમરેલી

## –:: જાહેર નોટિસ ::–

અમો નીચે સહી કરનાર કૌશલભાઈ બી. પંડયા, એડવોકેટ–અમરેલી ના આથી અમારા અસીલ જીજ્ઞાશાબેન સંદિપભાઈ પંડયા, તથા સંદિપભાઈ ભરતભાઈ પંડયા બન્ને રહે. અમરેલી ની સુચના અન્વયે આ જાહેર નોટીસથી લાગતા– વળગતા સર્વોને જાણ કરીએ છીએ કે, અમરેલી ગામે સુધરાઈ હદમા લાઠી રોડ રસ્તે બ્રાહમણ સોસાયટી પાસે આવેલ રે.સ.નં.૬૪ પૈકીની જમીન માહેના પ્લોટ નં.૧૧ પૈકીની જમીન ચો.મી.૪૧.૮૧ ના અમારા અસીલ વેચાણલેખથી માલીક છે. સદરહુ સર્વેનંબર ૬૪ પૈકીની જમીન મહે.કલેકટર સા.અમરેલીના હુકમથી શ્રી બાવચંદભાઈ ગોપાભાઈ ખણેસા ના નામે બીનખેતીમા ફેરવાયેલ છે. અને તેનો લે–આઉટ પ્લાન "ગોપાલ નગર–૧" નામે મંજુર થયેલ છે. તે માહેના પ્લોટ નં.૧૧ ની જમીન ચો.મી.૧૧૯–૬૫ રજીસ્ટર્ડ વેચાણલેખ નં.૧૩૩૭ તા.૨/૭/૨૦૦૧ થી લાલજીભાઈ ગોંપાભાઈ ખણેસાના કુલમુખત્યાર બાવચંદભાઈ ગોપાભાઈ ખણેસા એ ગીતાબેન કિશોરભાઈ જાની, રહે.અમરેલી ને વેચાણ આપેલ. આ વેચાણલેખ મુખત્યાર દરજજે કરવામા આવેલ હોય તે મુખત્યારપત્ર હાલ મળી આવતુ નથી. ગીતાબેન કિશોરભાઈ જાની નું અવસાન થતા આ જમીન (૧) કિશોરભાઈ ખેલશંકર જાની, (૨) નમ્રતાબેન કિશોરભાઈ જાની, (૩) રાધેબેન કિશોરભાઈ જાની ના સયુંકત માલીકી હકકે આવેલ આ સયુંકત માલીકો કિશોરભાઈ ખેલશંકર જાની પોતે જાતે તથા નમ્રતાબેન કિશોરભાઈ જાનીના કુલમુખત્યાર તરીકે અને રાધેબેન કિશોરભાઈ જાની પાસેથી રજી.વેચાણલેખ નં.૧૬૫૦ તા.૧૪/૫/૨૦૧૪ થી આ જમીન આશીષભાઈ દકુભાઈ મકવાણા, રહે.અમરેલીએ વેચાણ રાખેલ. તેમના પાસેથી આ પ્લોટ નં.૧૧ પૈકીની જમીન અમારા અસીલો એ રજી.વેચાણલેખ નં.૨૧૧૫ તા.૨૮/૬/૧૭ થી વેચાણ રાખેલ જે વેચાણલેખમા દર્શાવવામા આવેલ ક્ષેત્રફળ ચો.મી.૪૬–૧૬ ખોટુ હોય સાચુ ક્ષેત્રફળ દર્શાવવા અંગે પક્ષકારો વચ્ચે સુધારાલેખ નં.૩૩૯ તા.૨૪/૧/૨૦૨૩ કરવામા આવેલ છે તે મુજબ સાચુ ક્ષેત્રફળ ચો.મી.૪૧–૮૧ છે. અને તેમા તેઓએ રહેણાંક બનાવેલ છે. સદરહુ મિલ્કત સબંધે મારા અસીલોએ અમારા પાસેથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ મિલ્કત સબંધે કોઈ ઈસમ/વ્યકિતનુ કે, કોઈ નાણાકીય સંસ્થા કે, સરકારી, સહકારી કે અર્ધસરકારી સંસ્થાનુ હીત સમાયેલ હોય કે, ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામા આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/ વ્યકિતનો લાગભાગ, હકક–હિસ્સો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૩મા લેખીતમા આધાર–પુરાવા સાથે રજીસ્ટર પોષ્ટ એ.ડી.થી જણાવવુ. અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા–તકરાર નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામા આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામા આવશે નહી જેની લાગતા–વળગતા સર્વેએ નોંધ લેવી.

તા.૨૮/૧૦/૨૦૨૬

**કૌશલભાઈ બી. પંડયા**
**એડવોકેટ એન્ડ નોટરી**
અંબિકા ચેમ્બર્સ, માણેકપરા, અમરેલી


## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૮૪૮ | ૧૯૪૪ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૦૧ | ૧૫૪૧ |
| ૨ | તલ સફેદ | ૨૦૦૦ | ૩૨૦૦ |
| ૩ | તલ કાળા | ૩૦૦૦ | ૪૦૦૦ |
| ૪ | કપાસ | ૧૭૯૦ | ૧૯૫૦ |
| ૫ | બાજરો | ૪૫૦ | ૫૮૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૬૫૫ |
| ૭ | જુવાર | ૧૪૦૦ | ૧૭૦૦ |
| ૮ | મગ | ૧૦૦૦ | ૧૪૫૦ |
| ૯ | અડદ | ૧૯૦૦ | ૧૯૦૦ |
| ૧૦ | તુવેર | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૧ | ચણા | ૧૧૦૦ | ૧૪૫૦ |
| ૧૨ | મેથી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૩ | સોયાબીન | ૧૧૫૦ | ૧૩૪૭ |

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલીનાં પારસ સ્ટીલનાં

ભાવેશભાઈ વરજાંગભાઈ છાત્રોડીયાએ અમરેલીના વેપારીને યેનકેન પ્રકારે વિશ્વાસમાં લઈને તેમની પાસેથી ૨૪ ટન ટીએમટીના સળીયા જેની કિમત રૂપિયા ૧૫,૨૬,૭૪૬ ની ખરીદી કરી વેપારીને તે રકમ ચુકવી આપવા સારૂ સાચા ખોટા બહાના બતાવી રકમ નહી ચુકવી આપી અમરેલીના વેપારી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પાના ૮ ઉપરનું ચાલું
## થોરખાણ ગામે બનેલ

કામે આરોપી જગદીશભાઈ મીઠાભાઈ સાકરીયા તરફે સીનીયર એડવોકેટ ઉદયનભાઈ ત્રિવેદી રોકાયેલા હતા અને આ કામે આરોપી પક્ષ તરફે કાયદાની જોગવાઈઓની જે વિષદ છણાવટ કરેલી તેની હકીકત ધ્યાને લઈ આ કામના ફરીયાદી પોતાનો કેસ સાબીત કરી શકેલ ન હોય આ કામના આરોપીઓને એડી.સેશન્સ જજ એમ.એમ. પરમારે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે.

આ કેસમાં આરોપી તરફે અમરેલીના સીનીયર ઉદયનભાઈ ત્રિવેદી રોકાયેલ હતા.

પાના ૮ ઉપરનું ચાલું
## ડાલામથ્થો કેમેરામાં કેદ

ધારી ગીર વિસ્તાર એશિયાટિક સિંહોના વસવાટ માટે જાણીતો છે, જો કે જંગલની સીમા બહાર રેવન્યુ વિસ્તારમાં પણ સિંહોના આંટાફેરા જોવા મળતા હોવાની ઘટનાઓ સામે આવતી રહે છે. ગઢીયા ગામના આંબાના બગીચામાં સિંહ આરામ ફરમાવતો હોવાનો વીડિયો આ જંગલના રાજાની સ્વચ્છંદ જીવનશૈલીની ઝલક રજૂ કરે છે.

વીડિયોમાં સિંહ ઢળતી સાંજે આંબાના બગીચામાં શાંતિથી આરામ કરતો જોવા મળે છે. આસપાસના વાતાવરણમાં સહજ રીતે બેઠેલો ડાલામથ્થો જાણે પોતાના જ સામ્રાજયમાં વિહરતો હોય તેવો નજારો કેમેરામાં કેદ થયો છે. આ દશ્ય સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં સિંહ પ્રેમીઓમાં પણ આકર્ષણ જાગ્યું છે.

ધારી પંથકમાં સિંહોની વધતી હાજરી એક તરફ વન્ય જીવપ્રેમીઓ માટે આનંદ અને કુતૂહલનો વિષય છે, તો બીજી તરફ ગ્રામ્ય વિસ્તારોમાં વસતા લોકો માટે વન્ય જીવોની અવરજવર અંગે સાવચેતી રાખવી પણ એટલી જ જરૂરી બની છે. ખાસ કરીને ખેતરો, વાડીઓ અને બગીચાઓમાં અવરજવર કરતા ખેડૂતો તથા ખેતમજૂરોએ સાવચેતી રાખવી જરૂરી છે.

ગઢીયા ગામે આંબાના બગીચામાં આરામ ફરમાવતા સિંહનો વાયરલ વીડિયો ફરી એકવાર દર્શાવે છે કે ધારી ગીર પંથકમાં માનવ વસાહતોની આસપાસ પણ વનરાજની હાજરી લોકોનું ધ્યાન ખેંચી રહી છે. જોકે, રેવન્યુ વિસ્તારમાં સિંહોની હાજરી અને વસવાટમાં વધારા અંગેની ચોક્કસ સ્થિતિ જાણવા વન વિભાગના સત્તાવાર આંકડા અને માહિતી મહત્વપૂર્ણ રહેશે.


## –:: જાહેર નોટિસ ::–

આથી અમો નીચે સહી કરનાર (૧) તનવીરબેન મહમદજુબેર અજમેરી (ઉ.વ.૪૬), ધધો–ઘરકામ તથા (૨) હમીદભાઈ બાબુભાઈ સૈયદ

આથી જાહેર કરીએ છીએ કે, અમો એ શ્રી નવનીતરાય હરીલાલ રાજપરા (ઉ.વ.૭૩) પાસેથી તેમની સ્વતંત્ર માલિકીની ખેતીની જમીન અમરેલી જિલ્લાનાં અમરેલી તાલુકાનાં પ્રતાપપરા ગામની ખેતીની જમીન, ખાતા નં. ૧૬૩૭૯, સર્વે નં. ૨૮/૧, હે.આરે.ચો.મી. ૦–૮૦–૯૪, આકાર રૂા. ૫–૩૪ છે,

જે જમીનની ખરીદી માટે તા : ૦૪/૦૮/૨૦૨૬નાં રોજ બનાખત કરેલ છે તથા ૯૦ દિવસની મુદ્દત બાદ એટલે તા : ૦૪/૧૧/૨૦૨૬નાં રોજ દસ્તાવેજ કરવાનો હોઈ, જેથી અન્ય કોઈ વ્યકિત ઉપરોકત દર્શાવેલ જમીન બાબતે કોઈ વેચાણ/ભાડા કરાર કે અન્ય કોઈપણ પ્રકારનું દસ્તાવેજી કાર્ય કે વ્યવહાર કરવો નહીં તેવું આ નોટિસથી અમો જાહેર કરીએ છીએ.

જેની સૌ કોઈ લાગતા વળગતા લોકોએ નોંધ લેવી.

તા.૨૮/૧૦/૨૦૨૬
અમરેલી

જાહેર કરનાર
(૧) તનવીરબેન મહમદજુબેર અજમેરી
(૨) હમીદભાઈ બાબુભાઈ સૈયદ


## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૮૪૦ | ૧૯૮૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૭૫૦ | ૧૮૨૧ |
| ૩ | મગફળી | ૧૫૨૧ | ૧૬૪૦ |
| ૪ | તલ સફેદ | ૨૭૪૦ | ૩૧૦૦ |
| ૫ | તલ કાળા | ૩૦૫૦ | ૩૭૦૦ |
| ૬ | જીરૂ | ૪૫૦૦ | ૪૯૫૦ |
| ૭ | ચણા | ૧૨૭૦ | ૧૩૪૦ |
| ૮ | ઘઉં | ૫૮૦ | ૬૩૫ |
| ૯ | અડદ | ૧૭૧૦ | ૧૮૦૦ |
| ૧૦ | મગ | ૧૪૪૦ | ૧૬૭૦ |
| ૧૧ | સોયાબીન | ૧૩૬૫ | ૧૩૯૦ |




મેનેજરને જાનથી મારી નાખવાની ધમકી આપી

# ગોવિંદપુર ગામે એસબીઆઈમાં તોડફોડ કરનાર આરોપીની અટકાયત કરાઈ

## પોલીસ તપાસ બાદ સઘળી હકીકતો બહાર આવશે

અમરેલી, તા. ૨૭

ધારી તાલુકાના ગોવિંદપુર ગામે આવેલી સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ)ની શાખામાં તોડફોડ કરી બેન્ક મેનેજરને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપનાર આરોપી સિદ્ધાર્થ સતાસિયાને ઝડપી લેવામાં ધારી પોલીસને સફળતા મળી છે.

આ ચકચારી પ્રકરણમાં બે દિવસ પહેલાં બેન્કમાં કોમ્પ્યુટર સહિત દરવાજાના કાચની તોડફોડ કરી નુકસાન પહોંચાડી અને બેન્ક મેનેજરને ધમકી આપનાર આરોપીને સામે મેનેજરની ફરિયાદ બાદ ધારી પોલીસે આરોપીને ઝડપી પાડયો

પ્રાપ્ત વિગતો અનુસાર, ગોવિંદપુર ગામના સિદ્ધાર્થ સતાસિયા નામના શખ્સે બે દિવસ પહેલાં



એસબીઆઈ બેન્કની શાખામાં હોબાળો મચાવી કોમ્પ્યુટર સહિત બેન્કના દરવાજાના કાચની તોડફોડ કરી હતી. આ ઉપરાંત બેન્કના મેનેજર કુણાલભાઈ રાઠોડને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો આક્ષેપ છે. આ ઘટનાને પગલે બેન્કમાં નુકસાન થતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.

આ બનાવ અંગે બેન્ક મેનેજર કુણાલભાઈ રાઠોડે ધારી પોલીસ સ્ટેશનમાં સિદ્ધાર્થ સતાસિયા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે ધારી પોલીસે તપાસ હાથ ધરી આરોપીને પકડવા માટે શોધખોળ શરૂ કરી હતી.

દરમિયાન બેન્કમાં તોડફોડ કરી મેનેજરને ધમકી આપવાના આ પ્રકરણમાં પોલીસે આરોપીને ઝડપી પાડયો છે. બેન્ક જેવી જાહેર નાણાકીય સંસ્થામાં તોડફોડ અને કર્મચારીને ધમકી આપવાના બનાવને પગલે આ ઘટના ચર્ચાનો વિષય બની છે. હવે આ પ્રકરણમાં પોલીસની આગળની તપાસમાં ઘટનાના કારણો, નુકસાનની વિગતો અને અન્ય હકીકતો સામે આવે તેવી શકયતા છે.

રેલ્વેનાં સેફટી કમિશનરની ઉપસ્થિતિમાં ટેસ્ટીંગ કરાયું

# અમરેલીથી ખીજડીયા (જંકશન) વચ્ચે તૈયાર થયેલ બ્રોડગેજ રેલ્વે લાઈન ઉપર ૧૨૦ની ગતિએ એન્જિન દોડયુ

## મિશન બ્રોડગેજ દ્વારા ઝડપથી બ્રોડગેજ રેલ્વે શરૂ કરવાની માંગ



અમરેલી, તા. ૨૭

અમરેલી–ખીજડીયા બ્રોડગેજ રેલવે લાઈનનું કમિશનર ઓફ રેલવે સેફટી (સીઆરએસ) દ્વારા સુરક્ષા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ નિરીક્ષણ દરમિયાન ૧૨૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે રેલવે એન્જિન દોડાવી લાઈનનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું, જે સફળ રહ્યું હોવાનું જાણવા મળે છે. હવે સીઆરએસનું પ્રમાણપત્ર મળ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી શકયતા છે. આ દરમિયાન અમરેલી જિલ્લામાં રેલવેના વિકાસ, મુસાફરોની સુવિધાઓ અને વિવિધ રેલવે સેવાઓ શરૂ કરવા સહિતના પ્રશ્નો અંગે મિશન બ્રોડગેજ અમરેલી દ્વારા ભાવનગર રેલવે વિભાગના અધિકારીઓ સમક્ષ લેખિતમાં રજૂઆત કરવામાં આવી હતી.

અમરેલી રેલવે સ્ટેશન ખાતે હાથ ધરાયેલા સુરક્ષા નિરીક્ષણમાં કમિશનર ઓફ રેલવે સેફટી સાથે વિવિધ અધિકારીઓની ટીમ જોડાઈ હતી. અમરેલી–ખીજડીયા બ્રોડગેજ લાઈન પર એન્જિનને ૧૨૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે દોડાવી રેલવે લાઈનની ચકાસણી કરવામાં આવી હતી. આ પરીક્ષણ સફળ રહ્યા બાદ હવે સત્તાવાર પ્રમાણપત્ર મળવાની રાહ જોવાઈ રહી છે. પ્રમાણપત્ર મળ્યા પછી રેલવે તંત્ર દ્વારા નિયમોનુસાર આગળની કાર્યવાહી કરવામાં આવશે. બીજી તરફ અમરેલી જિલ્લામાં રેલવેની સુવિધાઓનો વિસ્તાર કરવા અને લાંબા સમયથી પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવા મિશન બ્રોડગેજ અમરેલી દ્વારા તા. ૨૭ ઓકટોબરના રોજ ભાવનગર રેલવે વિભાગના અધિકારીઓને લેખિત રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆતમાં અમરેલી–ખીજડીયા બ્રોડગેજનું કામ ઝડપથી પૂર્ણ કરવા સહિતના વિવિધ મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા હતા. રજૂઆતમાં અમરેલી બ્રોડગેજ સર્વે પૂર્ણ કરી તાત્કાલિક કામ શરૂ કરવા, ખીજડીયા–વિસાવદર રેલવે લાઈનનું બ્રોડગેજનું કામ ઝડપથી પૂર્ણ કરવા તેમજ ખીજડીયા–જૂનાગઢ અને ખીજડીયા–વેરાવળ લાઈનનું કામ અટકયા વગર આગળ વધારવાની માંગણી કરવામાં આવી હતી. આ ઉપરાંત વેરાવળ–હરિદ્વાર ટ્રેનનો

અનુસંધાન પાના ૬ ઉપર

મોંઘવારીનાં માહોલ વચ્ચે કરકસર સાથે ખરીદી શરૂ

# અમરેલીની બજારોમાં દિવાળીના તહેવારને લઈને ધીમી ગતીએ ખરીદીનો પ્રારંભ થયો

## આગામી અઠવાડીયામાં ખરીદીનો ધમધમાટ વધવાની વેપારીઓને આશા



અમરેલી, તા. ૨૭

દિવાળીના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી રહેતા અમરેલી શહેરમાં તહેવારલક્ષી ખરીદીનો ધીમે ધીમે પ્રારંભ થવા લાગ્યો છે. જોકે, એક તરફ તહેવારની તૈયારીઓ શરૂ થઈ છે, તો બીજી તરફ મોંઘવારીની અસરને કારણે લોકો ખરીદીમાં સાવચેતી રાખી રહ્યા હોય તેમ બજારમાં હજુ દિવાળીની ખરીદીનો જોઈએ તેવો ઉત્સાહ જોવા મળી રહ્યો નથી. હાલ લોકો પોતાની જરૂરિયાત મુજબની વસ્તુઓની ખરીદી કરી રહ્યા છે, જયારે આગામી પહેલી તારીખ બાદ બજારમાં ખરીદીનો ધમધમાટ વધવાની શક્યતા છે.

અમરેલી શહેરના બજારોમાં રેડીમેડ કપડાં સહિત જીવન જરૂરી ચીજવસ્તુઓની ખરીદી માટે લોકો સાંજના સમયે ઘરની બહાર નીકળી રહ્યા છે. જેના કારણે શહેરના મુખ્ય બજારો અને માર્ગો પર લોકોની અવર જવર વધવાની સાથે ટ્રાફિક પણ જોવા મળી રહ્યો છે. જોકે, દિવાળીના તહેવાર દરમિયાન સામાન્ય રીતે જોવા મળતી બજારોની રોનક અને ખરીદીની ભીડનો માહોલ હજુ જામ્યો નથી.

બીજી તરફ, દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને શહેરના વિવિધ વિસ્તારોમાં ફટાકડાના સ્ટોલ ગોઠવવાની તૈયારીઓ પણ શરૂ કરી દેવામાં આવી છે. આગામી દિવસોમાં ફટાકડાના વેચાણની સાથે કપડાં, મીઠાઈ, સુશોભનની ચીજવસ્તુઓ અને અન્ય જીવનજરૂરી સામગ્રીની ખરીદીમાં પણ વધારો થવાની સંભાવના છે.

હાલ મોંઘવારીના માહોલમાં લોકો બિનજરૂરી ખર્ચ ટાળીને જરૂરિયાત મુજબ જ ખરીદી કરવાનું પસંદ કરી રહ્યા છે. દિવાળીને હજુ સમય હોવાથી અનેક પરિવારો ખરીદી માટે યોગ્ય સમયની રાહ જોઈ રહ્યા છે. ખાસ કરીને આગામી પહેલી તારીખ બાદ પગાર અને અન્ય નાણાકીય વ્યવહારોને પગલે બજારમાં ખરીદીનું પ્રમાણ વધશે તેવી આશા વેપારી વર્ગ રાખી રહ્યો છે.

આમ, અમરેલીમાં દિવાળીના તહેવારની ખરીદીનો પ્રારંભ તો થઈ ગયો છે, પરંતુ મોંઘવારીના પ્રભાવ વચ્ચે બજારોમાં હજુ તહેવારનો માહોલ પૂરજોશમાં જામ્યો નથી. આગામી દિવસોમાં બજારમાં ખરીદીનો પ્રવાહ કેટલો વેગ પકડે છે તેના પર વેપારીઓની નજર મંડાયેલી છે.

અમરેલીના એડીશનલ સેશન્સ જજશ્રી એમ.એમ. પરમાર સમક્ષ કેસ ચાલી જતા

# થોરખાણ ગામે બનેલ જીવલેણ હુમલો અને એટ્રોસીટીના કેસમાં આરોપી નિર્દોષ જાહેર

## બચાવ પક્ષે જાણીતા એડવોકેટ ઉદયનભાઈ ત્રિવેદીની દલીલો સફળ

અમરેલી, તા. ૨૭

અમરેલીના થોરખાણ ગામે જીવલેણ હુમલો તથા એટ્રોસીટીના કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો થયો છે.

આ બનાવની વિગતો જોવામાં આવે તો બનાવ તા. ૧૫/૯/૨૦૨૦ના રોજ થોરખાણ મુકામે બનેલ હતો. તે સમયે આ કામના ફરીયાદી રમેશભાઈ મેઘાભાઈ સોલંકી આ કામના આરોપી જગદીશભાઈ મીઠાભાઈ સાકરીયાના ખેતરની પાસે આવેલી સરકારી ખરાબાની જમીનમાં કુદરતી હાજતે ગયેલ ત્યારે આરોપીએ ફરીયાદીને તેની જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી અપમાનીત કરી, ભુંડી બોલી ગાળો આપેલી, જેથી આ કામના ફરીયાદીએ તેમ ન કરવા જણાવતા આ કામના આરોપીએ એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને તેના હાથમાં રહેલ લોખંડના પાઈપથી ફરીયાદીને ઉપરા ઉપર ઘા કરીને જીવલેણ ઈજાઓ પહોંચાડી



લોહી લુહાણ કરી દીધેલ. ત્યારબાદ ફરીયાદીને બાબરા સરકારી દવાખાને સારવાર માટે દાખલ કરેલ અને ત્યારબાદ આ કામના આરોપી વિરૂધ્ધ ફરીયાદ લખાવેલ હતી અને જે ફરીયાદ પોલીસે ભારતીય ફોજદારી ધારાની કલમો તથા એટ્રોસીટી એકટની વિગતે ગંભીર પ્રકારનો ગુન્હો નોંધેલો.

આ બાબતની ફરીયાદ ફરીયાદીએ બાબરા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી અને ત્યારબાદ આ કામે એટ્રોસીટી એકટ મુજબનો ગુન્હો બનતો હોય ડી.વાય.એસ.પી.એ આ કામની ઝીણવટભરી તપાસ કરીને ભારતીય ફોજદારી ધારાની કલમો તથા એટ્રોસીટી એકટ મુજબની વિગતે ચાર્જશીટ કરેલું હતું.

આ કામે બંને પક્ષકારો વચ્ચે જ્ઞાતિના તથા તાલુકાના આગેવાનોએ ખુબ મહેનત કરવા છતા સમાધાન થયેલ ન હોય આ બનાવ સમગ્ર વિસ્તારમાં ખુબ ચર્ચાસ્પદ બનેલ હતો અને આ કેસમાં ખુબ લાંબી કાનુની લડાઈ બંને પક્ષો તરફથી મજબુત રીતે લડવામાં આવેલી હતી.

આ કામે કેસ શરૂ થતા સરકાર પક્ષે તથા ફરીયાદ પક્ષે ફરીયાદી તથા તેમના સગા સબંધીઓએ જુબાની આપેલી હતી તથા ઈજા પામનારને સારવાર આપનાર ડોકટર, સમાજ કલ્યાણ અધિકારી તથા પોલીસ અધિકારી તથા તપાસ કરનાર અધિકારીને આ કામે ફરીયાદપક્ષે ફરીયાદીનો કેસ સાબીત કરવા માટે તપાસવામાં આવેલ હતા.

આ કામે સમગ્ર કેસ ચાલી જતા આ અંગેનો કેસ સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હતો. આ

અનુસંધાન પાના ૬ ઉપર

આંબાના બગીચામાં ઢળતી સાંજે

# ધારીનાં ગઢીયા ગામે બિન્દાસ આરામ ફરમાવતો ડાલામથ્થો કેમેરામાં કેદ

## રેવન્યુ વિસ્તારમાં સિંહોના વધતા આંટાફેરાથી વન્ય જીવપ્રેમીઓમાં ભારે આકર્ષણ

અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લાના ધારી ગીર પંથકમાં એશિયાટિક સિંહોની હાજરી સતત ચર્ચાનો વિષય બની રહી છે. ધારી તાલુકાના ગઢીયા ગામે ઢળતી સાંજે એક ડાલામથ્થો સિંહ આંબાના બગીચામાં નિરાંતે આરામ ફરમાવતો મોબાઈલ કેમેરામાં કેદ થયો છે. ખુલ્લા વાતાવરણમાં બિન્દાસ અંદાજમાં આરામ કરતો સિંહનો આ વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં ધારી પંથકમાં સિંહોની વધતી હાજરી ફરી



ચર્ચામાં આવી છે.

અનુસંધાન પાના ૬ ઉપર










*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)